Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૭ મું. માગશિર્ષ. સંવત ૧૯૬૮. શાકે ૧૮૩૩. અંક ૯ મો.

ગુર્જર ભાષાન્તરિત.

## કલ્યાણ મંદિર સ્તોત્ર.

( અનુવાદક—માવજી દામજી. મુંબઈ. )

વસન્તતિલકા વૃત્ત.

કલ્યાણમંદિર સમાન અને ઉદાર,
સંસારભીત ભવિનાં ભય કાપનાર;
સંસારસાગર વિષે બુડતા જનોને,
આહાજ જેવું જિનચંદ્ર નમી ક્રમોને. ૧

બુદ્ધિતણો નિધિ બૃહસ્પતિ હોય જેશું,
જેના મહત્વ તણું કીર્તન થાય તે શું;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગ્નિસમો કમઠ ગર્વ વિષે મુનીશ !,
તે તીર્થનાથ તણી સંસ્તુતિને કરીશ. ૨
સામાન્યથી પણ જિનેન્દ્ર ! અમારી જેવા.
તારો શકે કરી સ્વરૂપ ચિતાર એવો;
દિવાંધ કૌશિકશિશુ[1] યદિ ધૃષ્ટ શું જે,
તોયે નિરૂપણ કરે ? રવિરૂપનું તે. ૩
હે નાથ ! મર્ત્ય પણ મોહ ખપેલ હોય,
તારા ગુણો ગણનમાં ન સમર્થ તોય;
કલ્પાંત વાયુથી યદિ જળ ઉછળે તો,
રે કોણ ! તે ગણી શકે જ રહેલ રત્નો. ૪
હું છું જડાશય ! તથાપિ જિનેંદ્ર તારી,
ગુણો અસંખ્યયુતની સ્તુતિનોજકારી;
વિસ્તારને જલધિના સ્વમતિ પ્રમાણે,
લંબાવિને ભુજ કહે શું ન બાળ જાણે ? ૫
જ્યાં યોગિઓ પણ નહિં ગુણગાન શક્ત,
ત્યાં હોય કેમ અવકાશ મને સુરક્ત !;
અવકાશ વિણ ગુણ સંસ્તવવા અયુક્ત,
શું પક્ષિઓ નિજ ગિરા નહિં બોલશક્ત. ૬
દૂરે રહો સ્તુતિ તમારી ત્રિલોકનાથ !,
સંસારથી પણ બચે તુજ નામ સાથ;
અત્યંત તાપથી પીડિત મુસાફરોને,
આનંદ દે શિતળ વા પણ પદ્મનો જે. ૭
જે જંતુના હૃદયમાં પ્રભુ ! તું રહેલ,
તેના નિબિડ પણ કર્મ શિથિલ રહેલ;
આવે છતે વનમયૂર જ ચંદને જ્યાં,
વિંટાયલા ભુજગ બંધન મંદ છે ત્યાં. ૮
મૂકાય છે જ ઝટ રૌદ્ર ઉપદ્રવોથી,
જોયે છતે પણ જિનેંદ્ર તને જનોથી;
ગોસ્વામી[2] તેજ ઝળકે ઝટ જાય નાશી,
ચોરોય જેમ પશુઓ પણ જાય નાશી. ૯

---

૧ ઘુવડનું બાળક. ૨ સૂર્ય–ગોવાળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છો તારનાર ! જિન કેમ ભવિ જનોને,
નિશ્ચે ડુબે જ વહતાં તરતાં તમોને;
છે યુક્ત જે મશક પાણી વિષે તરાવે,
માંહે રહેલ પણ વાયુતણે પ્રભાવે. ૧૦

અપૂર્ણ.

શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત.

# પૂજા પંચાશક.*

## ( સંક્ષિપ્ત વ્યાખ્યા )

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

### ( પ્રસ્તાવના )

શ્રાવકે નિરંતર ત્રિકાળ જિનપૂજા કરવી જોઇએ તેટલા માટે આ ચોથા પંચાશકમાં કર્ત્તાએ જિનપૂજાનો વિધિ દાખલ કરેલો છે. શ્રી જિનપૂજાના સમયનો નિર્ણય, કેવી રીતે દ્રવ્ય ભાવથી પવિત્ર થઇને શ્રી જિનપૂજા ગૃહસ્થોએ કરવી ? પૂજા પ્રસંગે પુષ્પાદિક સામગ્રી કેવી ઉત્તમ મેળવવી ? પ્રભુપૂજા પ્રસંગે ગૃહસ્થોએ કેવી જયણાથી-જયણાનો ખપ કરી પૂજા કરવી ? પુષ્પાદિકને કિલામના ન થવા પામે તેને માટે કેટલી બધી કાળજી રાખવી ? તેમજ ઉક્ત પુષ્પોની કાચા દોરાથી અને બહુજ ઢીલી ગાંઠથી ગુંથેલી માળાઓ પ્રભુના કંઠમાં કેવી રીતે આરોપવી ? પ્રભુની પૂજા કરતાં પૂજા કરનાર શ્રાવકે પ્રભુ ઉપર અથવા પ્રભુના ગુણો ઉપર કેટલું બધું બહુમાન રાખવું ? પૂજા કરવા આવનારે નિસિહી પ્રમુખ દશ ત્રિકો સાચવવા પૂરતું લક્ષ રાખવું, તેમજ દ્રવ્યપૂજા કર્યા બાદ ગંભીર અર્થયુક્ત ( મહાપુરૂષ પ્રણિત ) સ્તુતિ સ્તોત્રો વડે ચડતા પરિણામે ભાવ પૂજા કરવી, એવા ઉત્તમ સ્તુતિ સ્તોત્રયુક્ત ચૈત્યવંદન કરવાનું માહાત્મ્ય, તેના પ્રત્યેક સૂત્રો-શક્રસ્તવ પ્રમુખ યાવત્ છેવટે ' જયવીયરાય ' રૂપ પ્રણિધાન કહેતાં તેના ગંભીર અર્થમાં આપણો ઉપયોગ પરોવવા રાખવી જોઇતી કાળજી, અને કાઉસગ્ગમાં ક્ષોભ રહિત રાખવી જોઇતી સ્થિરતા આશ્રી ઉલ્લેખ કરી, પ્રભુ પૂજા અંગે થતી અનિવાર્ય દ્રવ્યહિંસા આશ્રયન

* આ પંચાશક ટીકા સાથે અમારી સભા તરફથીજ હાલમાં છપાય છે. ગ્રંથકારની શાસ્ત્ર રચના જોવા ઇચ્છનારે તેનો લાભ લેવો. ભાવાર્થ વાંચવાની ઇચ્છાવાળાએ આ લેખ લક્ષ પૂર્વ વાંચવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્ધિથી ગૃહસ્થને પરિણામે હિંસા રૂપ નથી એમ 'કુપખનન' પ્રમુખ દાખલા ીલોથી શાસ્ત્રકારે સિદ્ધ કરી આપ્યું છે. વળી ઉક્ત પૂજાથી પૂજા કરનારને પ્રત્યક્ષ ને પરોક્ષ બહુ લાભ થાય છે, તે વિગેરે અતિ ઉપયોગી બાબતોનો આ પૂજા ણમાં પૂજ્યપાદ શ્રી હરિભદ્ર સૂરીશ્વરે બહુ અસરકારક રીતે સંક્ષેપમાં સમાવેશ ો છે. ઉક્ત સર્વ બાબતો ઉપરાંત શાસ્ત્રકારની લેખન શૈલી અદ્ભુત ગૌરવવાળી તેનો લાભ મેળવી ભવ્ય જનો પરમાર્થ સાધી સ્વશ્રેયને સાધો. ઇતિશમ્

## ભાવાર્થ પ્રારંભ.

૧ શ્રી મહાવીર પ્રભુને પ્રણામ કરીને **જિનપૂજાનો વિધિ** અર્થ–ગંભીર ાં ગુરૂ–ઉપદેશ અનુસારે **સંક્ષેપથી** કહીશ (એ શાસ્ત્રકારની પ્રતિજ્ઞા છે). વિસ્તા- ! તો પૂર્વના આચાર્યોએ તે અન્યત્ર પ્રદર્શિત કરેલજ છે.

૨ આ લોક સંબંધી પણ ખેતીવાડી પ્રમુખ સઘળી ક્રિયા વિધિપૂર્વક ાગાં આવતી ફળદાયી નીવડે છે તો પછી ઉભય લોકમાં હિતકારી જિનપૂજા જો ધિપૂર્વક કરવામાં આવે તો તે ઇષ્ટ ફળદાયી થાયજ તેમાં નવાઇ શી ?

૩ આગળ કહેવામાં આવતા વિધિ મુજબ **યોગ્ય સમયે પવિત્ર થઇ પ્રધા-** **પુષ્પાદિક સામગ્રીવડે ઉત્તમ સ્તુતિ તેમજ સ્તોત્ર વિશિષ્ટ જિનપૂજા** ભાવંત દાતકોએ ) **કરવી જોઇએ.** "

"પ્રથમ પૂજા **સમય** આશ્રી શાસ્ત્રકાર કહે છે."

૪ જેમ ખેતીવાડી વર્ષા રૂતુ વિગેરે ટાંકણે કરવામાં આવતી બહુ ફળદાયી ક છે તેમ જિનપૂજાદિક સઘળી ક્રિયા પોતપોતાના સમયે સધાતીજ સુખદાયી છે.

૫ તે પૂજા–કાળ સામાન્ય રીતે તો પ્રભાત, મધ્યાહ્ન અને સાયંકાળ રૂપ ણ્યા સમય જાણવો. અથવા રાજ્યસેવા, વ્યાપારાદિક આજીવિકાનાં સાધનમાં ર ન આવે તે અને તેટલો કાળ પણ પૂજાકાળ જાણવો.

૬ ખરી રીતે શુભ–સુખ વૃદ્ધિ ગવેષતા બુદ્ધિમાન જીવે જેમ કલ્યાણ પરં- વૃદ્ધિ પામે તેમ આદર કરવો જોઇએ. તેથી રાજસેવકાદિકે પણ સ્વકાર્યમાં ર ન આવે તેમ જિનપૂજામાં પ્રમાદ રહિત યત્ન કરવો

૭ આજીવિકાનો વિઘાત થાય તો ગૃહસ્થની સર્વ ક્રિયાઓ સીદાઇ જાય તેથી ને આજીવિકાની અપેક્ષા રાખવી પડે પરંતુ જેને તેવી દરકારજ (સ્પૃહાજ ) તેને તો સંપૂર્ણ સાધુધર્મજ સ્વીકારવો યુક્ત છે.

૮ તે માટે એ આજીવિકાહેતુક ક્રિયામાં વિરોધ ન આવે તેમ પૂજામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આભિગ્રહિક દાળ પણ માન્ય રાખેલો છે. એટલે ચૈત્યવંદન કર્યા વગર મારે ભોજન કરવું નહિ કે શયન કરવું નહિ એવો નિયમ લેવો તે યુક્ત છે. કેમકે તેથી જિન-પૂજા કરવાનો અધ્યવસાય સદાય બન્યો રહે છે.

" હવે પવિત્રતા રાખવા શાસ્ત્રકાર કહે છે. "

૯ તેમાં દ્રવ્યથી અને ભાવથી બન્ને રીતે પવિત્ર બની પ્રભુપૂજા કરવી. દ્રવ્યથી દેશસ્નાન કે સર્વસ્નાન વડે દેહશુદ્ધિ કરી, શુદ્ધ-ધોયેલા ધવલ વસ્ત્ર ધોતર અને ઉત્તરાસંગ ધારીને અને ભાવથી તો અવસ્થા ઉચિત નિર્દોષ (ન્યાય યુક્ત વૃત્તિથી યુક્ત બનીને) ન્યાયજ સકળ કર્મમળ ટાળવા સમર્થ નીર-તુલ્ય હોવાથી તે ભાવથી શૌચ જાણવો.

૧૦ દ્રવ્યસ્નાનાદિ પણ જયણાયુક્ત કરતાં આરંભગ્રસ્ત ગૃહસ્થને નિયમા ગુણકારી જ થાય છે. કેમકે તે 'કૂપખનન' દૃષ્ટાંતે નિશ્ચે શુભ ભાવ ઉ-ત્પાદક બને છે. જેમ કૂવો ખણતાં શ્રમ, તૃષા અને કાદવથી લેપાવાવડે કષ્ટ પેદા થાય છે પરંતુ જળ નીકળતાં ઉક્ત સર્વ દોષ દૂર થઇ જાય છે અને સ્વપરને ઉપ-કારક બને છે તેમ પ્રભુપૂજા અર્થે કરવામાં આવતાં સ્નાનાદિક પણ આરંભ દોષને ટાળી શુભ પરિણામની પ્રાપ્તિવડે અશુભ કર્મની નિર્જરા તેમજ વિશિષ્ટ પુણ્ય-બંધનાં કારણ રૂપ થાય છે માટે અધિકાર પરત્વે આરંભગ્રસ્ત ગૃહસ્થને જિ-નપૂજા તેમજ જિનપૂજા અર્થે દ્રવ્યસ્નાનાદિ ઉપકારક જ છે.

૧૧ તે જયણા જીવરક્ષા માટે સ્નાન-ભૂમિને નજરે જોવાથી તેમજ જળને ગાળ્યા બાદ વાપરવા વિગેરેથી બને છે. એવી રીતે જયણાપૂર્વક સ્નાનાદિક કરતાં શુભ અધ્યવસાય બુદ્ધિવંત જનોને અનુભવસિદ્ધ પ્રકટ્ટી નીકળે છે.

૧૨ જિનપૂજા અર્થે સ્નાનાદિક વર્જી બીજે બધે સ્થળે જીવઘાતકારી આરં-ભને સેવનારો પ્રાણી જિનપૂજાદિ નિમિત્તે અનારંભ રીતે (એટલે ઉચિત આરંભ કરતાં અટકે, મનમાં શંકા લાવે, તેનો નિષેધ કરે) તે પ્રકટ રીતે અજ્ઞાન આચરણ દીસે છે. તેવા અજ્ઞાન આચરણથી લોકમાં જિનશાસનની લઘુતા થાય છે. એવી રીતે કે જુઓ આ જૈનો ! સ્નાનાદિક કર્યા વગર પણ કેવા જિનોને પૂજે છે ? અને એવી રીતે શાસનની નિંદા કરાવવાથી ભવાન્તરમાં જિનધર્મ પ્રાપ્તિનો અભાવ થાય છે. તે માટે દ્રવ્યથી સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રધારીનેજ જિનપૂજા કરવી યુક્ત છે. અ-ન્યથા ઉપર જણાવેલા દોષોની પ્રાપ્તિ થાય છે.

૧૩ અશુદ્ધ-અન્યાય વૃત્તિ પણ એવીજ રીતે અધિક દોષવાળી છે. કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી તો વળી અનેરા રાજનિગ્રહાદિક રોગો નીપજે છે. તેટલા માટે દ્રવ્યથી અને ભાવથી બંને રીતે પવિત્ર થઈને જિનપૂજા કરવી જોઈએ.

" હવે વિશિષ્ટ પુષ્પાદિક સામગ્રી વડે પ્રભુપૂજા કરવી યુક્ત છે એમ બતાવે છે. "

૧૪ શ્રેષ્ટ સુગંધી ધૂપવડે, સર્વ ઔષધીઓવડે, જાતજાતનાં જળાદિક વડે, (આદિ શબ્દથી દુધ, ઘૃત અને ઈક્ષુરસ વિગેરે સમજવાં) સુગંધી ચંદનાદિકના વિલેપન વડે, શ્રેષ્ટ સુગંધી પુષ્પોની માળાઓવડે, બલિ ( ઉપહાર ) વડે તેમજ દીપક વડે.

૧૫ સર્પિત, દધિ અને અક્ષત તથા ગોરોચન પ્રમુખ મળી શકે તેવા અને તેટલા ( માંગલિક પદાર્થો ) વડે તેમજ વિવિધ સુવર્ણ, મુક્તાફળ અને રત્નાદિકની માળાઓ વડે જિનપૂજા કરવી.

૧૬ આવાં ઉત્કૃષ્ટ સાધન (દ્રવ્યો) વડે ઘણું કરીને ભાવ (અધ્યવસાય) પણ શ્રેષ્ટ સંપજે છે. વળી આવાં વિદ્યમાન સારા દ્રવ્યોનો શ્રી જિનપૂજાથી બીજો કોઈ વધારે સારો ઉપયોગ જણાતો નથી. માટે શ્રેષ્ટ પુષ્પાદિક સામગ્રીવડે જિનપૂજા કરવી યુક્ત છે. કહ્યું છે કે 'દેહ પુત્ર અને કલત્ર (સ્ત્રી) પ્રમુખ સંસારની વૃદ્ધિ માટે થાય છે, અને વીતરાગ પ્રભુની પૂજા—ભક્તિ ભવ્યજનોને સંસારના ઉચ્છેદને અર્થે થાય છે.' આજ બાબતને ભાવતા છતા શાસ્ત્રકાર કહે છે—

૧૭ આ લોક સંબંધી અને પરલોક સંબંધી કાર્યોમાં પરલોક સંબંધી કાર્ય સાધન વધારે ઉત્તમ છે. 'તેની ઉપેક્ષા કરવાથી બહુજ અનર્થ સંભવે છે. જિનપૂજા એ (અતિ ઉત્તમ) પરલોક સંબંધી કાર્ય છે. તેથી પૂર્વોક્ત ઉત્તમ સામગ્રીનો ઉપયોગ કરવા જિનપૂજા જેવું બીજું ઉત્તમ સ્થાનક નથી.' તે પારલૌકિક કાર્ય શુભ ભાવવડે સાધી શકાય તેવું છે. 'માટે એવો શુભ ભાવ તત્કાર્યાર્થી જને આદરવો' અને તેવો ભાવ પ્રભુપૂજા અર્થે પ્રવર પુષ્પાદિક સત્સામગ્રી વડે સિદ્ધ થઈ શકે છે.

૧૮ એટલા માટે પોતપોતાની વિભૂતિ પ્રમાણે બુદ્ધિવંત જનોએ જિનેશ્વર ભગવાન ઉપરના હૃદયના પ્રેમ–ઉલ્લાસ પૂર્વક ઉત્તમ પુષ્પાદિક સામગ્રીવડે શ્રી જિનપૂજા કરવી. યતઃ 'શ્રી જિનેશ્વર ભગવાન નિષ્કારણ પરોપકાર રસિક છે, મોક્ષદાતા છે, ઇંદ્રપૂજિત છે, સ્વહિત કામીજનોને પૂજ્ય છે અને જિનપદ પ્રાપ્તિ કરવા માટે પુષ્ટ આલંબનભુત છે.' માટે ભક્તિથી પૂજવા યોગ્ય છે.

" હવે વિધિદ્વારનું નિરૂપણ કરવા માટે કહે છે. "

૧૯ આ પૂર્વે વર્ણવેલો 'કાળ–નિયમ, શૌચ પ્રમુખ' વિધિ જિનપૂજામાં સામાન્ય પ્રકારેજ સમજવો. વિશેષ પ્રકારે તો પુષ્પમાળાદિક જે જે પ્રભુના અંગે સ્થા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતાં હોય તો તે સર્વ જેમ શોભાયમાન જણાય તેમ **યત્નથી એકાગ્રપણે ભાવશુદ્ધિથી કરવું.** શ્રી જિનપૂજા કરતાં **યત્નથી અનન્યલક્ષ** રાખવું તે બતાવે છે.

૨૦ વસ્ત્રવડે નાસિકા બાંધી (અષ્ટપટ મુખકોશ બાંધી) અથવા જો તેમ કરતાં અસમાધિ થતી હોય તો તે બાંધ્યા વગર પણ પુષ્પમાલા આરોપણાદિક સર્વ કાર્ય યત્નથી કરવાં. તેમજ પૂજાકાળે શરીરમાં ખરજ ખણવાદિક ક્રિયાનો પણ ત્યાગ કરવો. આદિ શબ્દથી નાક છીંકવાનો તથા વિકથા કરવા પ્રમુખનો પણ ત્યાગ કરવાનું સૂચવ્યું. યત્નથી પૂજા કરનારને જે પ્રાપ્તિ થાય છે તે દૃષ્ટાંતથી દેખાડે છે—

૨૧ જે સેવકો પોતાના સ્વામી પ્રત્યે પોતાની ફરજ (Duty) આદરથી બજાવે છે તે સ્વસ્વામીને સંતોષ ઉપજાવવાથી ઇચ્છિત ફળને પામે છે. પરંતુ જેઓ તેથી વિપરીત વર્તી અનાદરથી સ્વકાર્ય કરે છે તેમને ઇચ્છિત અર્થની સિદ્ધિ થતી નથી; પણ ક્લેશ માત્ર પ્રાપ્ત થાય છે.

૨૨ ત્રીભુવનગુરૂ શ્રી જિનેશ્વર આશ્રી તો ઉપર કહેલી વાત વિશેષે લાગુ પડે છે. એટલે જગદ્‌ગુરૂ શ્રી જિનેશ્વર ભગવાનની જે આદરપૂર્વક ભકિત કરે છે તે અતિ ઉત્તમ ફળને પામે છે. તેથી વિદ્વાન જનોએ જિનેશ્વરોની પૂજા પૂર્વોકત ન્યાયે મુખકોશ બાંધી અતિ આદર પૂર્વકજ કરવી જોઇએ.

" બહુમાન પણ વિધિપૂર્વકજ પ્રવર્તનાર ભકત જનોને પેદા થાય છે તે બતાવે છે. "

૨૩ એવી રીતે પ્રવર્તતાં પરમપદ મોક્ષ મેળવી આપનાર બહુમાન (હૃદયપ્રેમ) પણ નિશ્ચે પ્રગટે છે. તેમજ અર્થગંભીર સ્તુતિ સ્તોત્ર સહિત ચૈત્યવંદન કરવાથી પણ પરમપદદાયક બહુમાન જાગે છે. માટે તે પણ અવશ્ય કર્ત્તવ્ય છે.

" સ્તુતિ અને સ્તોત્ર કેવાં હોય ? તે જણાવે છે. "

૨૪ એક શ્લોક માનવાળી સ્તુતિ કહેવાય અને બહુ શ્લોક પ્રમાણ સ્તોત્ર કહેવાય. અતુચ્છ–ગંભીર શબ્દાર્થવડે ગુંફિત અને આપ્ત (સર્વજ્ઞ–વિતરાગ) ના **વિદ્યમાન ગુણોનુંજ જેમાં ગાન કરેલું હોય તેજ સ્તુતિ સ્તોત્ર સારભૂત પ્રધાન સમજવા.**

૨૫ તે સારભૂત સ્તુતિ સ્તોત્રના અર્થાવબોધથી જરૂર શુભ અધ્યવસાય જાગે છે અને તેનો અર્થાવબોધ જેને થયો ન હોય તેને પણ તે સ્તુતિ સ્તોત્ર શુભ ભાવરૂપ હોવાથી રત્નના દૃષ્ટાન્તે ગુણકારી જ થાય છે. જેમ અજાણ્યું પણ રત્ન તેના સુંદર સ્વભાવથી ગુણકારીજ થાય છે તેમ પૂર્વોક્ત વિશેષણ વિશિષ્ટ સ્તુતિ સ્તોત્ર તેના અર્થ–રહસ્યના અજાણને પણ હિતકારીજ થાય છે માટે તે સેવવા યોગ્યજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૬ રોગી જનોએ જેના ગુણુ જાણ્યા નથી એવાં રત્નો જેમ રોગીના જ્વર. શૂલ પ્રમુખ રોગને શમાવે છે તેમ પૂર્વોક્ત સ્તુતિ સ્તોત્ર રૂપ ભાવરત્નો પણ કર્મ રોગને ટાળે છે.

૨૭ તેટલા માટે પ્રભુપૂજા કર્યા પછી સ્તુતિ સ્તોત્રાદિક પાઠ પૂર્વક, અસ્ખલિતાદિ ગુણુ યુક્ત, **આગમ અનુસારે અને ચઢતે પરિણામે ચૈત્યવંદન આવશ્ય કરવું જોઇએ.**

૨૮ આવી રીતે પ્રથમ પ્રદર્શિત પૂજા પૂર્વક કરવામાં આવતું ચૈત્યવંદન **કર્મ-વિઘ્નને દૂર કરવા પરમ મંત્ર તુલ્ય છે.** એમ સર્વજ્ઞ ( અથવા શાસ્ત્રજ્ઞ ) કહે છે. તેમજ ચૈત્યવંદન સમયે **મુદ્રા** વિધાન ( **યોગમુદ્રા** નમોથ્થુણં કહેતી વખતે, **મુક્તાસુક્તિ મુદ્રા** જયવીયરાય જાવંતિ ચેઇયાઇ અને જાવંત કેવિ સાહુ કહેતી વખતે, તથા **જિનમુદ્રા** કાઉસ્સગ્ગ કરતી વખતે ) કરવું જોઇએ તેમજ જિનો અને જિનકલ્પિકોએ આચરેલ **અડોલ કાયોત્સર્ગ કરવો જોઇએ.**

" ચૈત્યવંદન સમાપ્ત થતાં જે કરવું જોઇએ તે શાસ્ત્રકાર કહે છે. "

૨૯ આ ચૈત્યવંદનની સમાપ્તિ વખતે શુભ-મંગળકારી પ્રણિધાન એટલે પ્રાર્થના ગર્ભિત એકાગ્રતા કરવી જોઇએ. ફકત પ્રાર્થના ' જય વીયરાય ' ના પાઠ વડે કહેવાય છે. તેનાથી સદ્ધર્મ વ્યાપારોમાં પ્રવૃત્તિ, મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં નડતા વિઘ્નોનો જય ( વિઘ્ન વિનાશ ), વિઘ્ન વિનાશથી ધર્મકાર્યની સિદ્ધિ તેમજ સ્વપર ધર્મકાર્યોનું સ્થિરીકરણુ એ ફળો પ્રકટે છે. એટલા માટે તદર્થી જનોએ ' પ્રણિધાન ' અવશ્ય કરવું.

૩૦ આ 'પ્રણિધાન' કરવાથી ' નિયાણું ' થશે જ નહિ. કુશળ પ્રવૃત્તિ હેતુક હોવાથી. ' પ્રણિધાન ' તો ' आरोग्ग बोहिलाभं ' ઇત્યાદિક પ્રાર્થના તુલ્ય છે. એટલે બોધિ પ્રાર્થના જેમ નિયાણા રૂપ નથી તેમ આ ' પ્રણિધાન ' પણ શુભ અધ્યવસાયના કારણરૂપ હોવાથી નિયાણા રૂપ નથી તેથી જ તેની પ્રવૃત્તિ છે. નહિ તો ચૈત્યવંદનના અંતે તે ભણાય જ નહિ..

૩૧ એવી રીતે ' પ્રણિધાન ' યોગે ઇષ્ટફળની સિદ્ધિ સાંપજે છે. નહિ તો પ્રણિધાન શૂન્ય અનુષ્ઠાન નિશ્ચે દ્રવ્ય અનુષ્ઠાન જ કહેવાય છે. તેટલા માટે યોગ્ય **ભૂમિકા વિશેષે આ 'પ્રણિધાન'નું કહેવું અવિરૂદ્ધ-ઉચિતજ છે.**

" હવે તેનો વિધિ કહે છે. "

૩૨ સંવિગ્ન એટલે મોક્ષાર્થી અથવા ભવભીત જનો સાવધાન થઇ તીવ્ર શ્રદ્ધા વડે ( એ માનસિક વિધિ કહ્યો, હવે કાયિક વિધિ કહે છે ) મસ્તક ઉપર બે હાથની અંજળી સ્થાપીને આ પ્રણિધાન આદર પૂર્વક કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"તેનો પાઠ ક્રમ બતાવે છે."

૩૩ હે વીતરાગ! (ઉપલક્ષણથી હે વીતદ્વેષ! અને હે વીતમોહ!) આપ જયવંતા વર્તો. હે જગદ્‌ગુરૂ! હે ભગવન! આપના પ્રભાવથી મને પ્રાપ્ત થાઓ. ભવમાં નિર્વેદ (સંસાર ઉપરથી વૈરાગ્ય), માર્ગાનુસારીપણું (મોક્ષમાર્ગમાં પ્રયાણ) અને ઇચ્છિત ફળની પ્રાપ્તિ. (જેથી ચિત્ત સ્વસ્થ થાય અને ધર્મમાં સુખે પ્રવૃત્તિ થાય એવી જોગવાઈ મળો.)

૩૪ તેમજ લોક વિરૂદ્ધ કાર્યનો ત્યાગ, માતા પિતા ધર્માચાર્યાદિ ગુરૂજનોની પૂજા–ભક્તિ, પરોપકાર, શુભ ગુરૂ મહારાજનો સંયોગ, અને તેમની આજ્ઞાનું અખંડ પાલન જીવિત પર્યંત મુજને હે ભગવન, આપના પસાયે (સદાય) હો!

"આ પ્રણિધાન ઉચિત ભૂમિકા(અવસ્થા) પર્યંત કરવું ઘટે છેએમ શાસ્ત્રકાર બતાવે છે."

૩૫ આ પ્રાર્થના–પ્રણિધાન, તે તે પ્રાર્થવા યોગ્ય ભવ–નિર્વેદાદિકના અભાવે કરવાનું છે. (કેમકે અપ્રાપ્ત વસ્તુનીજ પ્રાર્થના કરાય છે.) અથવા અહીં મતાંતર કહે છે કે તે પ્રાર્થવા યોગ્ય ભવ–નિર્વેદનું જે અનંતર (શીઘ્ર ભાવી) ફળ અપ્રમત્તાદિક ગુણસ્થાનકની શ્રેણિરૂપ અને પરંપર (અનુક્રમે થનારૂં) ફળ મોક્ષરૂપ તેના અભાવે કરવું ઉચિત છે. સ્પષ્ટાર્થ એવો છે કે જ્યાં સુધી ભવ વૈરાગ્યાદિક પ્રાપ્ત થયાં ન હોય અથવા વૈરાગ્યાદિકના ફળરૂપ અપ્રમત્ત ગુણસ્થાનાદિક પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કુશળ અનુષ્ઠાન રૂપ પ્રણિધાન અવશ્ય કરવું ઉચિતજ છે. એટલે અપ્રમત્ત (સપ્તમ ગુણસ્થાનવર્તી) મુનિરાજોથી આગળના જે પ્રમત્ત સંયમી (છઠ્ઠા ગુણસ્થાનવાળા) મુનિરાજો છે ત્યાં સુધી તેમને સર્વને તો આ પ્રણિધાન કરવું ઉચિતજ છે. પરંતુ ત્યાર પછીના જે અપ્રમત્ત સંયમી વિગેરે છે તેમને તે કરવું ઉચિત નથી; કેમકે તેઓ નીરાગી–નિઃસ્પૃહી હોવાથી કશી પ્રાર્થના કરતા જ નથી. यतः "मोक्षे भवे च सर्वत्र, निःस्पृहो मुनिसत्तमः"

"પૂર્વે કહ્યું કે પ્રણિધાન નિયાણારૂપ નથી તે બાબતનું સાધક પ્રમાણ દર્શાવતા કહે છે."

૩૬ આ 'जय वीयराय' રૂપ જે મોક્ષાંગો (નિવૃત્તિના કારણો) ની પ્રાર્થના અથવા મોક્ષાંગ રૂપ પ્રાર્થના તે પ્રણિધાન કરવા યોગ્ય પ્રમત્ત ગુણસ્થાન પર્યંતના જીવોને સૂત્ર–સિદ્ધાંતની અનુમતિ હોવાથી નિયાણારૂપ નથી. જેમ બોધિલાભની પ્રાર્થના શાસ્ત્ર અનુમત હોવાથી પ્રમાણ છે તેમ આ મોક્ષાંગ પ્રાર્થના (પ્રણિધાન) પણ શાસ્ત્રાનુમત હોવાથી નિયાણા રૂપ નથી પણ પ્રમાણ છે. અપ્રમત્તાદિ ગુણસ્થાનવર્તીને માટે તો તે ઉચિત નથી, એમ પૂર્વે પ્રદર્શિત કરેલુંજ છે, તેથી પ્રમત્ત ગુણસ્થાન પર્યંતજ તે પ્રાર્થના–પ્રણિધાન ઉચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૭ એવી રીતે મોક્ષાંગ પ્રાર્થના નિયાણારૂપ નથી, તો દશાશ્રુતસ્કંધ, નશતક પ્રમુખ શાસ્ત્રોમાં 'આ ધર્મથી હું તીર્થંકર થાઉં' એવી રીતે પ્રાર્થનાનો ષેધ કેમ કરેલો છે? ઉત્તર-તે તીર્થંકરત્વ પ્રાર્થન રાગ વ્યાપ્ત હોવાથી ભવ પ્રતિ- છે, તેથી તત્પ્રાર્થન પ્રતિષેધ યુક્ત છે.

૩૮ રાગાસક્તપણે તો તે પ્રાર્થના દૂષિત છે, પરંતુ રાગ રહિત કરેલી તેજ ના અદૂષિત છે. રાગ રહિતપણે (નીરાગી ભાવે) કરવામાં આવતા જિનભકિત ગ કુશલ અનુષ્ઠાન થકી અનેક ભવ્યજનોને હિતકારી અને અનુપમ આનંદ સં- : અપૂર્વ ચિન્તામણિ સદૃશ (અચિન્ત્ય સુખદાયક) તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે.

૩૯ તેથી સદ્ધર્મ દેશનાદિક તીર્થંકરની કરણી હિતકારી છે અને એવા પ્રકારના । અધ્યવસાયવાળા આત્માને અપ્રતિઘાતી છે. માટે સદ્ધર્મ દેશનાદિક ધર્મ- માં પ્રવૃત્તિ સ્વરૂપ તીર્થંકરત્વની પ્રાર્થના અર્થાપત્તિ ન્યાયથી દૂષણ રહિત છે.

૪૦ આ સ્થળે પ્રણિધાન સંબંધી વધારે કથન કરવાથી સર્યું. એવી રીતે શાસ્ત્ર મુજબ નિર્દોષ જિનેશ્વર ભગવાનની પૂજા મનુષ્યભવ પ્રમુખ ઉત્તમ સામગ્રી ને અવશ્ય કરવી. ઉકત વિષયમાં ભવ્ય જનોએ લગારે પ્રમાદ ન કરવો.

૪૧ જિનપૂજા કરતાં પૃથ્વીકાય પ્રમુખ જીવ નિકાયની હિંસા થાય છે, ને હિંસાનો વર ભગવાને નિષેધ કરેલો છે. તેમજ (તેમ છતાં) તે પૂજા પૂજ્ય-જિનોને ઉપકારી નથી તો પછી એવી પૂજા નિર્દોષ-દોષ રહિત શી રીતે હોઇ શકે?

" ઉક્ત શંકાનું સમાધાન કરે છે. "

૪૨ જિન પૂજામાં કથંચિત્-કોઇ પ્રકારે જીવ વધ થાય છે. તોપણ 'કૂપ ખ- દૃષ્ટાંતથી ગૃહસ્થોને તે જિનપૂજા નિર્દોષ કહી છે. જો બરાબર જયણાપૂર્વક જામાં પ્રવૃત્તિ કરે તો તેમાં સર્વથા પણ જીવ હિંસા ન લાગે. કેવળ તેમાં સાયની વિશુદ્ધિથી અનુબંધ અહિંસાની જ પુષ્ટિ થાય. સાધુ-નિગ્રંથોને તો તે જાનો નિષેધ નીરોગીને ઔષધની પેરે કથેલો જ છે.

"બીજું સમાધાન આપે છે."

૪૩ ગૃહસ્થો અસદ્ આરંભમાં પ્રવૃત્ત થયા હોય છે. એટલે જેમાં જીવહિંસા રે એવા કંઇક ખેતીવાડી પ્રમુખ ધંધા કરતા હોય છે તેમને આ જિનપૂજા તે આરંભથી નિવર્તાવવાવાળી થાય છે. તે એવી રીતે કે જિનપૂજામાં જ્યાંસુધી પ્રવૃત્ત હોય ત્યાં સુધી તેને અસદ્ આરંભનો અસંભવ અને શુભ ભાવનો હોવાથી પ્રભુપૂજા તે પાપારંભથી મુકત કરાવનારી થાય છે જ એમ કહેવાય બુદ્ધિશાળી જનોએ સારી રીતે આલોચવા-વિચારવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" હવે જે કહ્યું કે પૂજા પૂજ્યને કંઈ ઉપગારી નથીજ તેનું સમાધાન કરવા કહે છે."

૪૪ જો કે કૃતકૃત્ય હોવાથી પૂજ્ય એવા જિનેશ્વરોને પૂજાથી ઉપગારનો અસંભવ છતાં પણ પૂજા કરનાર ભક્ત જનોને તો પુણ્યબંધાદિ રૂપ ઉપગાર થાય જ છે. જેમ મંત્રાદિક સ્મરણ અને અગ્નિ પ્રમુખનું સેવન કરતાં તે તે મંત્ર અગ્નિ પ્રમુખને ઉપકારક નહિ છતાં સેવકને તો ઉપગાર થાય જ છે તેમ અહીં પણ પૂજા વિષયે ભવ્ય પૂજકને ઉપકાર સમજવો.

" પૂજામાં જીવ વધ થાય છે એમ માનતા છતાં તે જીવ વધની બીકથી જે પ્રભુપૂજામાં પ્રવૃત્તિ કરતા નથી તેમને ઠપકો આપવા માટે કહે છે. "

૪૫ જેઓ સ્વદેહાદિક નિમિત્તે પુત્ર પરિવારાદિકને અર્થે પણ જીવહિંસામાં પ્રવૃત્તિ કરે છે તેમને જિનપૂજા અર્થે (દેખાતી) જીવ હિંસામાં ન પ્રવર્તવું-દેખાતી જીવહિંસાથી ડરી જિનપૂજા જથી દૂર રહેવું એ મોહ-મૂઢતા છે. મોહ-મૂઢતા વગર વિશુદ્ધિ ભાવને પેદા કરનારી અને બોધિલાભાદિક અનેક ગુણ સંપાદન કરી આપનારી, પરમાર્થથી જીવરક્ષાના નિમિત્તભૂત હોવાથી કેવળ દયાલક્ષણવાળી અને સ્વપરને મોક્ષરૂપ અમોઘ ફળ આપનારી જિનપૂજામાં અપ્રવૃત્તિ-પ્રવૃત્તિનો ત્યાગ થાય જ કેમ? પાપઆરંભમાં આસક્ત હોવાથી વિશિષ્ટ દયા વર્જિત ગૃહસ્થને પવિત્ર જિનપૂજાનો ત્યાગ કરવો એ કેવળ કલ્યાણ અનુષ્ઠાનથી અલગા રહી આત્માને જ ઠગવા જેવું છે.

૪૬ એટલા માટે મોક્ષ સુખને ઇચ્છનાર ગૃહસ્થ જનોએ સૂત્ર કથિત વિધિ અનુસારે પ્રમાદ રહિત શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા ( અવશ્ય અહર્નિશ ) કરવી જોઇએ.

૪૭, જેમ (સ્વયંભૂ રમણાદિ) મહાસાગરમાં ક્ષેપવેલ એક પણ બિંદુ ( અનેક બિંદુઓની વાત દૂરજ રહો ! ) અક્ષય થઇ રહે છે તેમ ગુણરત્નોના આધારભૂત હોવાથી સમુદ્ર સમાન શ્રી જિનેશ્વરોની કરેલી પૂજા ફળની અપેક્ષાએ અક્ષય થાય છે.

૪૮ જિનેશ્વરોની પૂજાવડે વીતરાગત્વાદિ ઉત્તમ ગુણો ઉપર તેમજ ઉત્તમ ગુણ ધારક જિનો ઉપર બહુમાન ઉપજે છે, ઉત્તમ પ્રાણીઓમાં પોતાની ગણના થાય છે, અને અનુક્રમે ઉત્તમ ધર્મ ( પરમાત્મ સ્વરૂપ ) ની પ્રાપ્તિ થાય છે અથવા પૂજા-અર્ચાવડે જિન શાસનની પ્રભાવના થાય છે.

" પ્રભુ પૂજા તો મહા ફળદાયી છે જ પરંતુ પૂજા કરવાનો ઉત્કટ ભાવ પણ ( હું પરમાત્મા પ્રભુની પૂજા કરૂં એવું એકાગ્ર ચિન્તન પણ ) મહા ફળદાયી છે. તે વાત દૃષ્ટાંતદ્વારા દર્શાવતા છતાં શાસ્ત્રકાર કહે છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાણીયો તો રીઝે વરઘોડે, બ્હોરા રીઝે ચણાવીને રોડે,
પુચ્છ ગદ્ધાનું પકડયું ન છોડેરે. આજ૦૧૯

ખોટા ખરચે ન કાંઇ વડાઇ, કરો કુટુંબ ને કોમ ઉન્નતાઇ,
જોડો ઉદ્યમમાં દેશી ભાઇરે. આજ૦૨૦

સત્ય સંપ ઉદ્યમ નીતિ પાળે, નિજ કુળ મરજાદાએ ચાલે,
સુખ સાકુળચંદ તો ભાળેરે. આજ૦૨૧

# चंदराजाना रासपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ટ ૨૫૧ થી )

વીરસેન ને ચંદ્રાવતી દીક્ષા લઇ રાજ્ય તજી ગયા. ચંદ્રકુમાર રાજગાદીએ બેઠો. વીરમતિ તદ્દન નીર્ભિક થઇ. એકદા તેણે ચંદ્રકુમારને બોલાવીને એકાંતે કહ્યું કે–" હે પુત્ર ! તું નાનો છે ને તારા માતા પિતા તને તજી ગયા છે તેની તું લવ-લેશમાત્ર ચિંતા કરીશ નહીં. હું તારે માથે છત્ર જેવી છું ત્યાં સુધી તારે ચિંતા કરવાનું કારણ જ નથી. મારી એવી અદ્દભુત શક્તિ છે કે જો તું કહે તો ઇંદ્રનું ઇંદ્રાસન તારે સ્વાધીન કરી આપું ? કહે તો સૂર્યના રથને જોડેલા રેવંત અશ્વ લાવી ને તારી પાયગામાં બાંધું ? કહે તો કુબેર ભંડારીની તમામ ઋદ્ધિ લાવીને તારો ભંડાર ભરી દઉં ? કહે તો આખો કંચનગિરિજ લઇ આવીને તારા ઘરમાં મુકી દઉં ? કહે તો દેવકન્યા લાવીને તને પરણાવું ? એમાં તું બીલકુલ ખોટું માનીશ નહીં. તું જે કહે તે કરી આપવાને હું સમર્થ છું, પણ તારે યૌવનાવસ્થાના મદમાં આવી જઇને ભૂલે ચૂકે મારી આજ્ઞા લોપવી નહીં. કેમકે હું રાચું તો રસવલ્લી જેવી છું અને જો વિરચું–દ્વેષી થાઉં તો વિષવલ્લી જેવી છું એ વાત તું ધ્યાનમાં રાખજે. મારા કહ્યા વિના કોઇ કામ કરીશ નહીં અને જો આરામ ઇચ્છે તો મારૂં છિદ્ર જોઇશ નહી. "

આ પ્રમાણેના અપરમાતાના વચનો સાંભળીને વિચક્ષણ ચંદ્રકુમાર હાથ જોડીને બોલ્યો કે–" હે વિમાતા ! જો મારે માથે જાત છે તો હું કોઇ દિવસ તમારૂં વચન લોપીશ નહીં. મારે તો પિતા પણ તમે છો, માતા પણ તમે છો, ઇશ્વરરૂપ તમે છો, અન્નદાતા તમે છો, મારા રાજા પણ તમે છો, હું તો શેર બાજરીનો ધણી છું. આ બધું તમારૂં છે, મારે તો તમારી કૃપા હોય તો બધું છે; હું બીજું કાંઇ ઇચ્છતોજ નથી." ચંદ્રકુમારના આવાં વચનો સાંભળીને વીરમતિ બહુ ખુશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈ. તેણે કહ્યું કે—" હે પુત્ર ! તું આનંદથી રાજરમણી ભોગવ અને કલ્લોલ કર. તારી ફીકર મારે માથે છે. તારૂં ક્રોડ ક્રોડ કલ્યાણ થાઓ ! એવી હું આશિષ આપું છું." આ પ્રમાણે કહીને તેણે ચંદ્રકુમારને રજા આપી.

હવે ચંદ્રકુમાર આનંદથી રાજ્ય ભોગવે છે. ગુણોવડે ગંગા નદી જેવી નિર્મળ ગુણવાળી રાણી મળવાથી ચતુરહંસ જેવો તે તેની સાથે સંસારના સુખનો અનુભવ કરે છે. કામકળામાં કુશળ ચંદ્રાવળી દોગંદુક સુરના સુખનો અનુભવ કરાવે છે. પૂર્વે પુણ્ય કર્યાના આ બધાં ફળ છે. દંપતિને પાણી ને દુધની જેવી પ્રીતિ જામી ગઈ છે. મણિને સુવર્ણની જેવી જુગતિ જોડી મળી છે. સર્વત્ર ચંદરાજાનો યશ પણ વિસ્તાર પામ્યો છે કારણ કે રાજ્યનું પ્રતિપાલન કરતાં પ્રજાને પ્રસન્ન કરવામાં એ પૂરો પ્રવિણ છે.

અહીં અગ્યારમી ઢાળના દુહામાં કવિએ ચંદરાજાના દરબારમાં સમકાળે છએ ઋતુ વર્ત્તી રહી છે તેની ઘટના કરી છે. તે આ પ્રમાણે—

લઘુવયથી કામદેવ જેવો રૂપવંત ચંદરાજા ઉદયાચળપર સૂર્ય શોભે તેમ રાજ્યસિંહાસનપર બેઠો સતો શોભે છે. તેની આગળ શ્યામ શરીરવાળા હોવાથી મેઘની ઘટા જેવા, મદજળ નીકળતું હોવાથી જળને વરસતા અને વીજળીની જેમ ઉજ્વળ દાંતો જેના ઝળકી રહ્યા છે એવા હાથીઓ ઝુલી રહેલા હોવાથી અને શબ્દ કરવા વડે મેઘની ગર્જનાનું ભાન કરાવતા હોવાથી ત્યાં પ્રત્યક્ષ પાઉસ ( વર્ષા ) ઋતુ જણાતી હતી.

નાસિકામાંથી નીકળતા જળવડે કેશરની પચરકીનું ભાન કરાવનારા અને મોઢામાંથી નીકળતા ફીણવડે અબીલનું ભાન કરાવનારા તેમજ હેષારવવડે ધમાલનું ભાન કરાવનારા અશ્વો ત્યાં આનંદથી ખેલતા હતા તેથી પ્રત્યક્ષ વસંત ઋતુ જણાતી હતી.

ચંદરાજા રૂપ મૃગાંક ( ચંદ્ર )ના મુખમાંથી વાણી રૂપી સુધા નીકળતી હતી તેનું પ્રજા કર્ણ રૂપ છીપ વડે પાન કરતી હતી અને તેથી અભિનવ મુક્તાફળો નીપજતા હતા. તે શરદ ઋતુનું ભાન કરાવતા હતા.

નિરંતર નવા નવા ભેટણા આવતા હતા, તે જાણે મોઢા આગળ ધાન્યનાં ખળાં કરેલાં ન હોય તેવાં જણાતા હતા. તેથી પ્રત્યક્ષ હેમંત ઋતુ જણાતી હતી.

ચંદરાજાના ભયરૂપ હીમથી જેમના મુખકમળ દાઝી ગયા છે અને જેઓ ટાઢથી કંપે તેમ તેના ભયથી કંપે છે એવા અનેક રાજાઓ આવી આવીને ત્યાં નમે છે તે શિશિર ઋતુનું ભાન કરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદરાજાના શત્રુ રાજાઓને નગરમાં, ઘરમાં કે વનમાં કોઇ જગ્યાએ શાંતિ વળતી નથી તેથી તેઓ પ્રત્યક્ષ ગ્રીષ્મઋતુનું ભાન કરાવે છે. તેઓ ચંદરાજા પાસે આવી તેના પર છત્ર ધરી અંગરક્ષક થઇને રહે છે ત્યારેજ તેમને શાંતિ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે ત્યાં સમકાળે છએ ઋતુનો નિવાસ દૃષ્ટિએ પડે છે.

ચંદરાજાની સભામાં પાંચશે પંડિતો કાયમના આવનારા છે, તેઓ બુદ્ધિવડે સુરગુરૂ જેવા છે, છ શાસ્ત્રના જાણુ છે અને રાજા તેમના ગુણોથી રંજિત થયા કરે છે. તેઓ પરસ્પર એક બીજાની કુશળતા જણાવવા માટે વાદવિવાદ કર્યા કરે છે. બીજા પણ છએ [1]દર્શનના પંડિતો સભામાં આવીને બીરાજે છે. તેઓ યુક્તિ પ્રયુક્તિ વડે બીજાઓ કરતાં પોતાના દર્શનને શ્રેષ્ઠ કરી બતાવવા પ્રયત્ન કરે છે. તેમાં ચાર્વાક માત્ર પ્રત્યક્ષ પ્રમાણુનેજ માને છે, અને જગત બધું શૂન્ય કહે છે. સૌગત ( બૌદ્ધ ) સર્વ વસ્તુને ક્ષણિક માને છે, વૈશેષિક શબ્દ પ્રમાણુને જ પ્રમાણ કરે છે. સાંખ્ય શબ્દને અનુમાન બે પ્રમાણ માને છે. નૈયાયિક પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ ને ઉપમાન એ ચાર પ્રમાણ માને છે. જૈન પ્રત્યક્ષ ને અનુમાન (પરોક્ષ) બે પ્રમાણ માને છે. તેમાં કોઇ કહે છે કે આ જગત બધું કર્ત્તા (ઇશ્વર) નું કરેલું છે, કોઇ કહે છે કે એ બધું જ્ઞાનમય છે. કોઇ કહે છે કે એ બધું સ્વભાવથી થયેલું છે, કોઇ કહે છે કે આ જગત બધું શશશૃંગ અથવા વંધ્યા પુત્ર વિગેરેની જેમ ખોટું છે–ભ્રમ રૂપ છે, આ પ્રમાણે અંધગજના ન્યાયે જેમ ફાવે તેમ કહ્યા કરે છે. વ્યાકરણીઓ શબ્દની વ્યુત્પત્તિઓ અનેક પ્રકારની કરીને સભાને રંજિત કરે છે. વેદીઆઓ વેદોચ્ચાર કરે છે. સાહિત્ય શાસ્ત્રીઓ સાહિત્યની અપૂર્વ રચનાઓ બતાવી રાજાને પ્રસન્ન કરે છે. અલંકાર શાસ્ત્રીઓ નવાં નવાં કાવ્યો બનાવી ચમત્કાર ઉપજાવે છે અને અનેક પ્રકારે સમશ્યાઓ પૂરે છે. પૌરાણિકો રામાયણાદિકના પ્રબંધો સંભળાવે છે. વૈદકશાસ્ત્રના નિપુણ પુરૂષો (વૈદ્યો) જળ, અન્ન, દુધ, વૃક્ષ, ફળ, પત્ર, પુષ્પાદિકના ગુણોનું વર્ણન કરે છે અને આદાન, નિદાન, ચિકિત્સા વિગેરેમાં પોતે નિપુણ છે એમ બતાવી આપે છે. પંચાંગપ્રવીણ જ્યોતિષીઓ ને ગણિત શાસ્ત્રીઓ ઘનમૂળ, વર્ગમૂળાદિ ગણિતને પ્રકાશે છે તેમજ રવિ વિગેરે ગ્રહોની વર્તના કહી આપે છે. ગ્રહણ વિગેરેના વર્તારા કહે છે. ખગોળ ભૂગોળના જાણનારા બીજી અનેક બાબતો પ્રકાશિત કરે છે. ગ્રહના ને નક્ષત્રાદિના ચારને જાણનારા વિદ્વાનો અનેક પ્રકારની ભવિષ્ય વાતને પ્રગટ કરે છે. પીંગળપાઠી અનેક પ્રકારના રૂપક, ગીત, છંદ, પદ, દુહા, વિગેરે કહીને ચંદ રાજાને પ્રસન્ન

---

૧ બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક, જૈન, વૈશેષિક ને ચાર્વાક એ છ દર્શન કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. ચંદરાજા પણ એ સર્વને યથોચિત દાન આપી નિરંતર દાનેશ્વરી ગુણને પ્રદર્શિત કરે છે.

આવી ચંદરાજાની સભાને જોઈને ચંદ્રને સૂર્ય પણ ચકિત થયા થકા ઘડીભર સ્થિર થઈ જાય છે. ઇંદ્રસભાની જાણે બ્હેન હોય તેવી ચંદરાજાની સભા શોભે છે અને તેની અંદર નક્ષત્રગણમાં ચંદ્ર શોભે તેમ ચંદરાજા શોભે છે. તે સાથે ઇંદ્રની પાસે જેમ બૃહસ્પતિ મંત્રી શોભે તેમ ચંદરાજાની પાસે અનેક સચિવો બુદ્ધિના વિલાસને પ્રગટ કરતા સતા શોભી રહ્યા છે.

એકદા ગુણાવળી રાણી ભોજન વડે પતિને સંતોષ પમાડી (જમાડી) પોતે પણ ભોજન વડે તૃપ્ત થઇ પોતાના મહેલના ગોખમાં આવીને બેઠી. તે વખતે તેની પાસે અનેક દાસીઓ આવીને ઉભી રહી. તેમાં કોઇ દાસી પવન નાખે છે, કોઇ મુખવાસ આપે છે, કોઈ અમૃત જેવું જળ ભરી જળ-પાત્ર લઇને ઉભી છે, કોઈ વિલેપનનું પાત્ર લઇને ઉભી છે, કોઈ કુંકુમ છાંટે છે, કોઇ આગળ દર્પણ લઇને ઉભી છે, કોઇ હાંસી કરીને હસાવે છે, કોઇ પાંચવર્ણની પુષ્પોની માળા બનાવીને તેના કંઠમાં પહેરાવે છે. તે વખતે જાણયે કામદેવનો બગી-ચો ત્યાં પ્રફુલ્લિત થયેલો હોય તેમ જણાય છે. સૂર્ય પણ તે વખતે તેને જોવા માટે ઘડીભર સ્થિત થયો પરંતુ તેના તેજથી ચંદ્રથી કુમુદની જેમ ગુણાવળી મ્લાન થવાને બદલે ઉલટી વધારે પ્રફુલ્લિત થઇ. આ પ્રમાણે આનંદ વર્તી રહ્યો છે તેવામાં દૂરથી વીરમતિને ત્યાં આવતી દાસીઓએ દીઠી. વીરમતિને આવતી જોઇને દાસીઓ ગુણાવળી પ્રત્યે બોલી કે-"હે બાઈ! ઉઠો, ઉભા થાઓ ને સાસુજી અહીં પધારે છે તેનો વિનય કરો! વહુ કાંઇ અમસ્તું થવાતું નથી. તમારો હુકમ અમારી ઉપર છે પણ તમારી ઉપર એનો હુકમ છે. કેમકે તમારા પતિ તેના કહેવા પ્રમાણે જ ચાલે છે." આ પ્રમાણેના દાસીઓનાં વચનો સાંભળી ગુણાવળી વસ્ત્રાલંકારથી વિભૂષિત એકદમ ઉઠી અને વીરમતિની સામે જઇ તેને પગે પડી અને બોલી કે "હે સાસુજી! આજે તમે મને કૃતાર્થ કરી. આજ ધન ઘડી ધન વેળા કે અહીં પધાર્યા. તમે આજે મને મેરૂ કરતાં પણ મોટી બનાવી દીધી. મારે તો આજે આંગણામાં કલ્પવલ્લી પ્રગ-ટી. વધારે શું કહું?" આ પ્રમાણેના ગુણાવળીના નિષ્કપટ વચનો સાંભળીને વીરમતિ બહુ હર્ષિત થઇ. તેણે ગુણાવળીને આશિષ દીધી કે "જ્યાં સુધી ધ્રૂવનો તારો અચળ છે ત્યાં સુધી તારૂં સૌભાગ્ય અવિચળ રહેજો." પછી ગુણાવળીએ તેમને આસન ઉપર બેસાર્યા અને પોતે હાથ જોડીને સામે બેઠી. તેના વિનયથી પ્રસન્ન થઇને વીરમતિ બોલી કે-"હે વહુ! તું ખરેખરી નામ પ્રમાણે ગુણવાળી છો, વળી કુળવંતી છો, વિનયવાન છો, તો તારા મુખમાંથી આવાં મિષ્ટ વચનો નીકળે તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઇ આશ્ચર્ય નથી. ચંદ્રથી અમૃત વરસે, કમળમાંથી સુગંધ પ્રસરે, ઈક્ષુમાંથી મધુર રસ નીકળે અને ચંદન શીતળતા આપે તેમાં આશ્ચર્ય જેવું નથી. હે વહુ! તું ક્રોડ વરસ જીવજે. તું મને પ્રાણ કરતાં પણ વહાલી લાગે છે. તારે જે જોઇએ તે તું મારી પાસેથી માગી લેજે, કોઈ વાતમાં આંચકો ખાઇશ નહીં. વળી જો મારો પુત્ર તને દુહવે તો મને કહેજે; હું તેને ઓળંભો આપીશ. મારે તો તું ને ચંદ બંને સરખા છો. બે નેત્ર જેવા છો. સાસુ વહુ ઉપર હેત રાખે તેમાં કાંઇ નવાઇ નથી. મેં તને પુત્રી-સમાનજ ગણીછે. મને ખાત્રી થઇછે કે તું મારૂં વચન કોઇ દિવસ લોપીશ નહીં જો તું મારી પાછળ—મારી ચાલે ચાલીશ, મારૂં કહેણ કરીશ તો આ બધો વિદ્યા વિગેરે જે મારી પાસેછે તે બધું તારૂંજ સમજજે." આ પ્રમાણે તેણે ગુણાવળીને અનેક વાકય રચના વડે પોરસ ચડાવ્યો.

ગુણાવળી તદ્દન ભોળી હોવાથી સાસુની આવી લટપટમાં કાંઇ સમજી શકી નહીં. તે તો તેના વચનોને પૂરેપૂરાં સત્યજ માનવા લાગી. દાસીઓ તો સાસુ વહુને વાત કરતા જોઇને પોતપોતાને કામે વળગી એટલે એકાંત મળવાથી વીરમતિએ ગુણા-વળીને કહ્યું કે—" હે વહુ! તું રાજપુત્રી છો અને મારો પુત્ર તારો સ્વામી છે, તેથી તું તારા મનમાં તારો સંસાર સફળ થયેલો ગણતી હઇશ. અને મનમાં એમ માન-તી હઇશ કે હું રૂડી છું પણ હું તો તારા અવતારને લેખેજ ગણતી નથી." સાસુ-જીનાં આવાં વચનો સાંભળીને ગુણાવળી બોલી કે—"સાસુજી! આપ વગર ગુન્હે મને શા માટે કચવાવો છો? મારે શું બાકી છે? હાથી, ઘોડા, રથ, કંચન, રત્ન અને પટ-કુળાદિ સર્વ વસ્તુ મનમાનતી મળેલી છે. પરિવાર પણ બધો અનુકૂળ છે. વળી તમારી જેવા સાસુ મળ્યા છે, તો મારો અવતાર લેખેજ છે. મારી જેવી સુખી બીજી કોણ સ્ત્રી છે?" વીરમતિ તેનો હાથ પકડીને બોલી કે—"હે વહુ! તું બીલકુલ ભોળી જણાય છે. તું મેં કહી તે વાતનો મર્મ કાંઇ સમજી નહીં. હોઠના ફરકવાથી સમજી જાય એવા પ્રાણીઓ આ સંસારમાં વિરલ હોય છે. આ જગતમાં જાણપણુંજ દોહિલું છે. બાકી દ્રવ્ય તો મૂર્ખને પણ મળે છે. પણ આ જગતમાં રૂપથી કોઇ હરખાતું નથી, ગુણ જુએ છે તો તેનાથી હરખે છે. આવળના પુલ પણ રંગમાં તો મજાના હોય છે પણ સુગંધ વિનાના હોવાથી કોઈ હાથમાં પણ લેતું નથી. તું રેશમી ચીનાઈ વસ્ત્રો પહેરી ઓઢી જાણે છે, બાકી તારામાં સમજણ તો એક દાણા જેટલી પણ જણાતી નથી. એક દિશાએ ચારે વેદ ને એક દિશાએ ચતુરાઇ એ બંને સર-ખા છે પણ તેનો ભેદ ભેદુજ જાણી શકે છે. તું જાણતી હઇશ કે હું ડાહી છું પણ હું તો તને પશુ જેવી જાણું છું. મેં તો એક વચનથીજ તારી પરીક્ષા કરી લીધી છે."

ગુણાવળી સાસુનાં આવાં વચનો સાંભળીને બોલી કે—" આપે મને એવી તદ્દન અજ્ઞાન શી રીતે જાણી? હું તો મારા મનમાં જાણું છું કે હું ડાહી છું. વધારે મારાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખાણ મારે મોઢે શું કરૂં ? મારે તમારા પુત્ર જેવો મનનો માન્યો ભર્તાર છે કે જેના સમાન બીજો કોઈ પુરૂષ છેજ નહીં. એવા પતિની પ્રાપ્તિથી હું તો પૂરેપૂરી ભાગ્યશાળી છું. તે છતાં તમે મારા અવતારની અવગણના કેમ કરો છો?" વીરમતિ કહે કે—"સાંભળ! તું એટલી બધી મનમાં શેની મલકાય છે. તારો પતિ ચંદ તે શા લેખામાં છે? જો તું બીજા પુરૂષોને દેખે તો તને તેની ખબર પડે, પણ કુવાનો દેડકો સમુદ્રની લહેરને શું જાણે? રતિના રૂપની કુબ્જાને શી ખબર પડે? જેણે નાળીયેર દીઠાજ ન હોય તેને કોઠીંબડાં પણ મીઠાં લાગે. નગરના લોકોની સાહેબીની જંગલી માણસને શી ખબર પડે? જેણે કાંબળીજ ઓઢી છે તેને શાલ દુશાલાનો સ્વાદ કેમ સમજાય? જેણે વહાણ દીઠાં ન હોય તેને તો તરવાનું તુંબડુંજ સારૂં લાગે. ઘાંચીના બળદને દુનિઆની ખબર ન પડે. હે વહુ! તું તો માંચીના માકડ જેવી છું. પણ અકેક પુરૂષો રૂપે કરીને એવા સુંદર હોય છે, કે માનુ અભિનવ કામદેવજ હોય નહીં."

સાસુજીના આવાં વચનો સાંભળીને ગુણાવળી બોલી કે—"હે પૂજ્ય સાસુજી! તમે એવું ન બોલો, તમારા પુત્ર સમાન અનેક હોય નહીં. તમારા કુળદીપક ચંદ સમાન ચંદ્ર તો એકજ હોય, તારા ઘણા હોય. સિંહણ તો એક પુત્રને જ પ્રસવે; શિયાળ ઘણા હોય. કસ્તુરીઆ મૃગ તો કોઈક જ હોય. બાકી તો સામાન્ય હરણીઆ હોય. માટે કયાં તમારો પુત્ર ચંદ ને કયાં બીજા પુરૂષો! અનેક રાજાઓ પણ તમારા પુત્રના નખ સમાન છે. જેમાં હાથી તોળાય ત્યાં ખર તો પાસંગમાં જાય. જ્યાં કલ્પવૃક્ષ હોય ત્યાં પછી કેરડો તે ઝાડમાં લેખાય? મને તો તમારો પુત્ર ભર્તાર તરીકે મળવાથી મારો તો લાખેણો અવતાર છે. મારા ભાગ્યમાં આવ્યો તે મારે ભગવાન જેવો છે. જે ભાણામાં આવ્યું તે પકવાન, એમ જગતની પણ કહેવત છે."

વિરમતિ બોલી કે—"હે વહુ! તું કહે છે તે ખરૂં છે. મારો પુત્ર સુજાત છે પણ બહુ રત્ના વસુંધરા હોવાથી તેનાથી અધિક પણ અનેક છે. જો તેં દેશવિદેશ જોયા હોય તો તેની તને ખબર પડે. તેં તો માત્ર આભાપુરી જોઈ છે. એટલે તને બીજી નગરીઓની શી ખબર પડે. તને રમ્ય અરમ્યની શી સમજ પડે. એટલા માટેજ હું તારો અવતાર અલેખે ગણું છું. એમાં રીસ કરવા જેવું કાંઈ નથી. જો આવે વખતે મારી જેવી વિદ્યાવાળી સાસુ મળ્યે છતે તું દેશવિદેશ નહીં જુએ તો પછી કયારે જોઈશ. તું હજી મારી પાસે સંકોચ રાખે છે પણ તેં બીલકુલ કૌતુકો જોયાં નથી. મને તો એજ વિચાર થયા કરે છે કે તારો અવતાર વગડાના ફુલની જેમ નકામો જાય છે. નવનવા દેશાચાર જોયા વિના તને મનુષ્ય અવતારના સફળ નિષ્ફળપણાની શી ખબર પડે. નવા નવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીર્થો, નવાનવા પર્વતો, નવા નવા નગરો, નવા નવા કુંડો, નવી નવી નદીઓ, નવા નવા ઉપવનો, નવા નવા રાજાઓ, નવી નવી નૃપવધુઓ, નવા નવા વિનોદો, નવા નવા ગીતગાન, નવા નવા વાજીંત્રો, નવા નવા માનવીઓ, નવાં નવાં ચરિત્રો જે અહર્નિશ જુએ છે તેનેજ ધન્ય છે. તેવી પુત્રીઓ તો કોઇ બીજી માતાઓએજ જણી હશે આ દુનીઆમાં અશ્વમુખા, હયકર્ણી, અકર્ણી, ઈગચરણા, શુઢદંતા, શુદ્ધદંતા એવા અનેક તરેહના મનુષ્યો થાય છે, પણ તેને દીઠા વિના તને બાપડીને શી ખબર પડે. તું તો ખાઇ પી લુગડાં ઘરેણાં પહેરી પેટ પંપાળતી બેશી રહે, તું કંઇ સ્ત્રીજાતિની ગણતરમાં નથી. કેમકે સ્ત્રીજાતિમાં તો ચતુરાઈ હોય છે. એ ચતુરાઈનો પેંડો ન્યારોજ છે. શાસ્ત્રમાં ચતુરાઇના મુળ **પાંચ** કહ્યા છે, તેમાં દેશાટનને અગ્રસ્થાન આપેલું છે. તારાથી તો આ પંખીઓ પણ ભાગ્યશાળી છે કે જે આકાશમાં ઉડી નવા નવા કૌતુક જોઇ શકે છે. તું તો રાંકના હાથમાં ગોળ આવ્યો હોય તેને અમૃત માની લેય તેમ એક ચંદ મળ્યો છે એટલે બીજું કાંઇ સમજતીજ નથી. સ્નેહની ને નિઃસ્નેહની ઘરે બેઠાં તને શી ખબર પડે. રે ભુંડી ! જે પરદેશમાં ફરેલ હોય તેજ બધું સમજે, કોઇનાથી ભોળવાય નહીં, ઠગાય નહીં, બાકી ઘરશૂરા ને [1]**મઠપંડિતા** તો જગતમાં ઘણા હોય છે; પણ જે પરભૂમિમાં આદર પામે તેજ ખરા શૂરવીર ને ખરા પંડિત ગણાય છે. પામ્યાનું ફળ એ કે કોઇને દઇએ અને જીવિતનું ફળ એકે વિદેશમાં જઇને કૌતુક જોઇએ. પણ તારાથી એ કાંઇ બને તેમ લાગતું નથી તું તો મનુષ્યભવ હારીજ જવાની છે.

સાસુનું આવું અસરકારક ભાષણ સાંભળીને ગુણાવળી તેમાં લેવાણી પણ તેને એ વાત બહુ મુશ્કેલ લાગવાથી તે બોલી કે-" સાસુજી ! આપ કહો છો તે બધું સાચું છે પણ આપણાથી પરદેશ જોવા શી રીતે જવાય ? એ તો જે નિરંકુશ હોય, સ્વેચ્છાચારી હોય, તે મનની મોજે કૌતુક જોવા માટે જ્યાં ત્યાં જઇ આવી શકે. હું તો રાજાની પટરાણી, મારાથી મહેલની બહાર પગ પણ ન દેવાય તો એ વાત તો શી રીતેજ બને ? બાઇજી ! તમારા કહેવાથી મને જોવાની તો ઘણી ઇચ્છા થાય છે પણ મોરને નાચીને પગ સામું જોવાનું છે. જો અણુશિખેલું કરવા જઇએ તો ઉલટા કષ્ટમાં આવી પડીએ. વળી હું અબળા. મારા પ્રીતમથી એક ક્ષણ પણ નહીં રહેનારી તે તેની સાથે કપટ કેમ કરી શકું ? કદિ કોઇ ન જાણે તો ચંદ્ર સૂર્ય તો તેના સાક્ષી છે. એમ કરતાં કદિ સ્વામી જાણી જાય ને કપટ ઉઘાડું પડે તો તે વખતે દેશ પરદેશ આડાં ન આવે. માટે સ્ત્રીએ સ્વામી વિના પરદેશ નજ જવાય એમ હું તો ધારૂં છું. પંખી, પુરૂષ ને પવન એ ત્રણ સ્વતંત્ર છે તેથી તે જ્યાં ત્યાં જાય."

---

1 પોતાના મઠમાં–મકાનમાં બેઠા બેઠા પોતાની પંડિતાઇ બતાવ્યા કરે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણાવળીની આટલી દલીલ સાંભળીને હવે વીરમતિ તેને તોડે છે. અહીંથી નવું પ્રકરણ શરૂ થાય છે. વીરમતિ સમજી કે આ અરધી તો કબજે આવી છે, તેના મનમાં કૌતુક જોવાની ઇચ્છા તો જાગી છે. હવે સ્વામીનો ભય તેને આડો આવે છે તે સમજાવીને કાઢી નાંખુ એટલે તે મારે વશ થઈ જશે. આવા વિચારથી તેણે જે કહ્યું અને જે રીતે તેને ભોળવી તે આપણે આગલા પ્રકરણમાં વાંચશું તેમજ તેનું પરિણામ કેવું માઠું આવ્યું તે પણ જોશું. હાલ અહીં તો આ પ્રકરણ પૂરૂં થયું છે તેથી તેનું રહસ્ય વિચારીએ.

## ચોથા પ્રકરણનો સાર.

આ પ્રકરણમાં વાતો ઘણી છે પણ રહસ્ય થોડું છે. આ પ્રકરણ માત્ર બે હકીકતથીજ ભરેલું છે. એક ચંદ રાજાનો રાજકારભાર ને તેની સ્થિતિ અને બીજી વીરમતિની ગુણાવળી સાથેની વાતચિતમાં તેની સ્ત્રીચરિત્રભરેલી ચાલાકી. આ બે હકિકત પૈકી પહેલી હકિકતના પ્રારંભમાં વીરમતિએ પોતાની અદ્દભુત શક્તિનું ચંદ રાજા પાસે વર્ણન કર્યું છે અને તેને પોતાથી કિંચિત્ પણ વિપરિત ન ચાલવા માટે-પોતાના છિદ્ર ન જોવા માટે પૂરતો ભય આપ્યો છે. ચંદકુમાર અવસરનો જાણ છે. વળી પોતાની બાલ્યાવસ્થા છે તેથી તે સમાના ભણે છે, અર્થાત્ જેમ વિમાતા રાજી થાય તેવો જ જવાબ આપે છે.

ચંદ ને ગુણાવળીની નખને માંસ જેવી, મત્સ્યને જળ જેવી તેમજ દુધને પાણી જેવી પ્રીતિ છે. કર્ત્તા તેની પ્રીતિને દુધ જળની પ્રીતિની ઉપમા આપે છે. તે પ્રીતિ પણ અપૂર્વ છે. દુધ ને પાણી એકઠા થયા એટલે પરસ્પર પ્રીતિ થવાથી બંને એકરૂપ થઇ ગયા. દુધે પોતાના તમામ ગુણ પાણીને આપી દીધા. બંનેનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એકરૂપ થઇ ગયા. પછી તેના માલેકે કાર્યમિષે તેને અગ્નિ ઉપર મુક્યું. એટલે પાણી દુધનો ઉપકાર સંભારીને પહેલું બળવા માંડ્યું. મિત્રના કષ્ટની આ વાત દુધથી સહન થઇ નહીં, એટલે પાણી બળી જતાં તે ઉકળીને અગ્નિમાં પડવા ઉછળ્યું. માલેકે જાણ્યું કે આ તો બધું જશે એટલે તેમાં પાણી છાંટ્યું, અર્થાત્ તેના મિત્રનો સંયોગ કરાવ્યો એટલે દુધ શાંત થયું. જો પ્રીતિ હોય તો આવી હોવી જોઇએ.

આગળ ચાલતાં કવિએ પોતાની કવિત્વ શકિત બતાવી આપી છે. રાજસભામાં સમકાળે છએ ઋતુનો દેખાવ થઇ રહ્યો છે તે ઘટાવેલ છે. ત્યાર પછી રાજસભાનું વિશેષ વર્ણન કરતાં તેમાં છએ દર્શનના પંડિતો બેઠેલા છે, તેઓ જગતના સંબંધમાં પોતપોતાની માન્યતા પ્રમાણે કહે છે. તે હકિકત કહેતાં પાંચ આંધળાઓ હાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવા માટે ગયેલા તેનું દષ્ટાંત આપે છે. એકદા પાંચ આંધળાઓ હાથી જોવાની ઈચ્છાથી હાથીની શાળામાં ગયા ત્યાં એક હાથીનો સ્વર સાંભળીને તે કેવો છે તે જાણવા માટે તેને સ્પર્શ કરવા જતાં એકના હાથમાં તેનો પગ આવ્યો ત્યારે તે બોલ્યો કે હાથી તો **થાંભલા** જેવો જણાય છે; બીજાના હાથમાં પુંછડું આવ્યું, ત્યારે તે કહે કે હાથી તો **વાંસ** જેવો જણાય છે; ત્રીજાના હાથમાં તેની સુંઢ આવી ત્યારે તે કહે કે હાથી તો **કેળના સ્થંભ** જેવો જણાય છે; ચોથાના હાથમાં તે ઉંચે ચડેલો હોવાથી કાન આવ્યો, ત્યારે તે કહે કે અરે! હાથી તો **સુપડા** જેવો જણાય છે; પાંચમાના હાથમાં તેના દંતુશળ આવ્યા એટલે તે કહે કે હાથી તો **સાંબેલા** જેવો જણાય છે. આ પ્રમાણે એક એક અંશને ગ્રહી અન્ય મતવાદીઓ જગતનું સ્વરૂપ જુદી જુદી રીતે કહે છે; પરંતુ જિનેશ્વર ભગવંત સર્વજ્ઞ હોવાથી દેખતો પુરૂષ જેમ હાથીનું સર્વાંગ સ્વરૂપ જાણીને કહે તેમ આ જગતનું નિત્યાનિત્ય વિગેરે ભાવોવાળું સ્વરૂપ યથાર્થ કહે છે. આ વિષે દૃષ્ટાંત શતકમાં ત્રીજું દૃષ્ટાંત છે. ત્યાં છેવટે કહ્યું છે કે—

**મત ખટ છે સંસારમાં, પંચ તે અંધ સમાન;**
**એક એક વસ્તુ ગ્રહે, જિનમત સર્વ પ્રમાન.**

ચંદ રાજાની રાજસભાનું વર્ણન કવિએ સારૂં આપ્યું છે.

આગળ ચાલતાં ગુણાવળીના સુખની સ્થિતિનું દર્શન કરાવ્યું છે વીરમતિ ત્યાં આવે છે. તે વખતે સખીઓ તેની સાથે કેમ વર્તવું તેનું ગુણાવળીને ભાન કરાવે છે. ગુણાવળી યોગ્ય વિનય સાચવે છે, એટલે વીરમતિ પણ તે ફૂલી જાય તેટલા તેના વખાણ કરે છે. અને છેવટે મર્મમાં કહે છે કે "મને તો ચંદ ને તું બંને સરખા વહાલા છો. બે આંખ જેવા છો, માટે તને જો કાંઇ પણ તે કષ્ટ આપે તો તું તરત મને કહેજે, હું તેને સમજાવી દઇશ." અહીંથી ગુણાવળીને પોતાને કબજે લેવા માટે તે જાળ પાથરવી શરૂ કરે છે. તે પુત્રીતુલ્ય કહીને વિદ્યાઓ વિગેરે આપવાની મોટી મોટી આશાઓ આપે છે. હવે વીરમતિ પોતાને જે કહેવું છે તેની શરૂઆત કરે છે. ગુણાવળીને કહે છે કે—'તારો તો જન્મજ અલેખે છે.' ગુણાવળી તેના મર્મને સમજતી નથી એટલે તે કહે છે કે–'મારે શું ઓછું છે?' એટલે વીરમતિ કહે છે કે--'તું તો પશુ સરખી છે. તારામાં ચતુરાઈજ કયાં છે?' ગુણાવળી કહે છે કે 'હું તો મને ડાહી સમજું છું, પછી તમે કહો તે ખરૂં.' વીરમતિ કહે છે કે 'તારામાં ચતુરાઇ હોય તો એક ચંદને જોઈને આટલી બધી મલકાઈ જાય? જગતમાં તો કંઇક તેનાથી શ્રેષ્ઠ પુરૂષો વસે છે.' ગુણાવળી હજુ તેનો ભાવ સમજતી નથી. તે કહે છે કે 'બીજા ઘણા ભલે હો પણ તે બધા નક્ષત્ર જેવા છે ને તમારો પુત્ર તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરેખરા ચંદ્ર સમાન છે.' વીરમતિ કહે છે કે–'તે ખરી વાત, પણ તને દુનીઆ જોયા વિના દુનીઆની શી ખબર પડે ? દુનીઆ તો અનેક પ્રકારના કૌતુકોથી ભરેલી છે. દેશાટન કરવાથીજ ખરી ચતુરાઇ આવે છે.' આ પ્રસંગે ચતુરાઇના મૂળ નીતિશાસ્ત્રકારે જે પાંચ કહ્યા છે તેનો ઇસારો કરે છે. દેશાટન, પંડિતની મિત્રતા, વારાંગનાનો પરિચય, રાજસભામાં પ્રવેશ અને અનેક શાસ્ત્રોનું અવલોકન આ પાંચ ચતુરાઇના મૂળ છે. એમાં પ્રથમ દેશાટન કહેલું છે. વીરમતિના કથનનો મુદ્દો તેમાં સમાયેલો છે, તેથી દેશાટનના લાભોનું તે વર્ણન કરે છે. તેની અસરકારક વાણીથી ગુણાવળી કૌતુક જોવા માટે લોભાય છે. કારણ કે સ્ત્રી જાતિ સ્વભાવેજ કૌતુક પ્રિય હોય છે. ગુણાવળીને તે કાર્ય તદ્દન અશક્ય લાગે છે. તે કહે છે કે " સ્ત્રી જાતિથી સ્વતંત્રતાએ દેશાટન કરવાનું બનેજ કેમ ? પતિની ઇચ્છા હોય, તે સાથે હોય, તેનો રાજીપો હોય, તોજ તે બની શકે. પતિથી પ્રચ્છન્નપણે કાંઇ પણ જવું આવવું તે સ્ત્રી જાતિને ઘટેજ નહીં. તેમ તેનાથી બને પણ નહીં. કેમકે એમ કરતાં કપટ ઉઘાડું પડે ને પતિ નારાજ થાય તો સ્ત્રીનું સર્વસ્વ બગડે. " આ બધા તેના સ્વચ્છ અંતઃકરણના ઉદ્ગારો છે. હવે વીરમતિ તેમાં મલિન ભાવ દાખલ કરનાર છે. તે આપણે આગલા પ્રકરણમાં જોવાનું છે. આ પ્રકરણમાં વીરમતિની કપટયુક્ત વાક્યરચના સ્ત્રીચરિત્રનું પ્રત્યક્ષ દર્શન કરાવે છે. અને ગુણાવળીની સરલ વાક્યરચના સ્ત્રી જાતિની ફરજ સમજાવે છે. ટુંકામાં આ પ્રકરણમાં પણ સાર લેવા લાયક ઘણું છે. પણ મૂળ હકિકતજ બહુ વિસ્તારે કહેવામાં આવેલી હોવાથી અત્ર તેનો વિસ્તાર કરવાની આવશ્યકતા નથી. જેથી આ પ્રકરણના રહસ્યને ટુંકામાંજ સમાપ્ત કરવામાં આવે છે.

# श्री जीव दया ज्ञान प्रसारक फंड.

## ( સહાય કરવાની ખાસ ફરજ. )

ઉપર જણાવેલું ખાતું મુંબઇમાં ઝવેરી લલુભાઇ ગુલાબચંદના વ્યવસ્થાપકપણા નીચે સં. ૧૯૬૬ના ભાદરવા વદ ૧ થી ખોલવામાં આવ્યું છે. આ ખાતું ખાસ આવશ્યકતાવાળું છે અને આર્ય બંધુઓ માત્રને મદદ કરવા યોગ્ય છે. જૈનોએ વિશેષે મદદ કરવા લાયક છે. એ ખાતાનો રીપોર્ટ ને હિસાબ સંવત ૧૯૬૭ના અશાડ વદ ૦)) સુધીનો (માસ ૧૦॥ નો )હાલમાં બહાર પડયો છે. તેની એક નકલ અમારી ઉપર આવી છે. તે વાંચી જોવાની અમે ભલામણ કરીએ છીએ. હિંદુસ્થાનમાં આવાં ખાતાં મોટા મોટા તમામ શહેરોમાં ઉઘડવાની જરૂર છે. જીવદયા અનેક પ્રકારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બની શકે છે, તે પૈકીનો આ ફંડ ખોલનારે એક આવશ્યકતાવાળો પ્રકાર હાથ ધર્યો છે. કેટલાક ગૃહસ્થો જીવો છોડાવીને જીવદયા પાળે છે, કેટલાક જીવોનું પાલન પોષણ ને રક્ષણ કરીને જીવદયા પાળે છે, કેટલાક જનાવરો ઉપર ઘાતકીપણું ગુજરતું અટકાવીને જીવદયા પાળે છે. કેટલાક અનાથ બાળકો માટે બાળાશ્રમો ઉઘાડી ને મોટી વયવાળા માટે ઉદ્યમશાળાઓ ખોલીને અને વૃદ્ધવય વાળાને અન્ન વસ્ત્ર પૂરા પાડીને જીવદયાની ફરજ બજાવે છે. આ ફંડના વ્યવસ્થાપક લલુભાઈએ માંસાહારી પ્રજાને માંસાહારના ગેરફાયદા, તેમાં થતો વિશેષ ખર્ચ અને તેથી ઉત્પન્ન થતા અનેકપ્રકારના વ્યાધિ સમજાવીને તે સાથે અન્ન ફળ શાકના ખોરાકથી થતા ફાયદા, ખર્ચમાં કરકસર અને સારી રહેતી તંદુરસ્તીનું જ્ઞાન આપીને તેવા વર્ગમાંથી માંસનો ખોરાકજ કમી કરાવવા કે જેથી બિચારા અનાથ જીવોની લાખોની સંખ્યામાં નિર્દયપણે કતલ થાય છે તેમાં ઘટાડો થાય તે માટે એ હેતુ રાખ્યો છે.

આ વિચાર પણ બહુ ઉત્તમ છે. તેનો અમલ થવા માટે તેવી હકીકતનાં પુસ્તકો, ચોપાનીઆ, હેંડબીલો, જાહેર ખબરો વિગેરે છપાવવા, તેવા જ્યાં જ્યાં છપાએલા હોય ત્યાંથી મંગાવવા અને તે માંસાહારી પ્રજામાં વગર કિંમતે બહોળે હાથે ફેલાવવાનો પ્રયાસ કરવા લાગ્યા છે. તે ઉપરાંત તે વિષયનું પરિજ્ઞાન આપવા માટે વિલાયતમાં છપાયેલી બુકો મંગાવીને ઈંગ્રેજી અભ્યાસ કરનારાઓમાં વેંચી, તેની ખરીફાઈથી પરીક્ષા લેવાનું અને તેમાં સારા માર્કસ મેળવીને ઉંચે નંબરે પાસ થનારને ઇનામો વેંચવાનું શરૂ કર્યું છે. જેથી એવા ઉપયોગી વાંચનનો બહુ ફેલાવો થઇ શકે . આવી રીતનો જુદા જુદા પ્રકારનો પ્રયાસ તેઓ કર્યા જ કરે છે. એ કાર્યમાં તેમને કેટલાક સંભાવિત ગૃહસ્થોની સારી મદદ મળેલી છે. પરંતુ આ કામ ઘણું જ ખર્ચાળું હોવાથી બહાર પડેલ રીપોર્ટ જોતાં તેમાં આવક જ્યારે રૂ. ૬૭૪૫-૬-૩ ની છે ત્યારે ખર્ચ રૂ. ૭૧૩૬-૧૩-૩ નો થયો છે. મતલબ વર્ષ આખરે માં ચારસો રૂપીઆ લગભગની ત્રુટ છે. વળી આ કામ જેમ વધારે આવક થાય તેમ વધારે પ્રમાણમાં થઇ શકે તેવું છે. આના ખર્ચનો બદલો દ્રવ્યના રૂપે પાછો આવનારો નથી; પરંતુ સંખ્યાબંધ માણસોના વિચાર માંસાહારથી ઓસરે છે તે રૂપે પાછો આવનારો છે.

પારસી કોમમાં પણ એમણે સારો પ્રયત્ન આદર્યો છે. તેમને માટે ખાસ એ વિષયની બુકોનો અભ્યાસ કરાવી પરીક્ષા લેવાનો ઠરાવ કર્યો છે. પરીક્ષા લેવા માટે ડૉક્ટર સર ભાલચંદ્ર જેવા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની ગોઠવણ કરવામાં આવે છે અને ઇનામ આપવાના મેળાવડા વખતે પણ મુંબઈના સંભાવિત ગૃહસ્થને પ્રમુખ પદ આપી આ કાર્યનું મહત્વ બતાવી આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રકારે જીવદયાનું જ્ઞાન વિસ્તારવા સારૂ સારા વકતાઓ પાસે ભાષણો કરાવવાનો પણ એમનો હેતુ છે. અને જુદા જુદા મેળાવડાઓને પ્રસંગે તેને લગતો પ્રયાસ પણ કરવામાં આવે છે. જીવદયાના સાચા હીમાયતી રા. રા. લાભશંકર લક્ષ્મીદાસની પણ આ કાર્યમાં સારી મદદ છે અને પૂરી દીલસોજી છે કેમકે તેમનો અંતઃકરણનો હેતુ પાર પાડવા માટે આ ખાતું ખરેખરૂં મદદગાર છે.

આટલી ટુંકી પણ જરૂરની હકીકત નિવેદન કરવાનો ખાસ ઉદ્દેશ એ છે કે માત્ર દયા દયા પોકારવાથી દયા પળી શકતી નથી, પરંતુ તન મન અને ધનથી આવાં ખાતાંઓ ખોલવા અને જો આપણી ખોલવાની શકિત ન હોય તો જેણે ખોલ્યા હોય તેને સારી મદદ આપવી કે જેથી એવાં ખાતાં સારી રીતે નભી શકે અને ધારેલી દિશામાં પોતાનો પ્રયાસ ચાલુ રાખી શકે.

આ ખાતાના વ્યવસ્થાપક મી. લલુભાઈ ગુલાબચંદ વિશ્વાસપાત્ર માણસ છે, સારી સ્થિતિ વાળા છે અને તન મન અને ધનના ભોગે તેમણે આ ખાતું હાથમાં લીધું છે. માટે તેમને દરેક આર્ય બંધુએ દરેક જૈને-દરેક દયાળુ ગૃહસ્થે પૂરતો આશ્રય આપવાની અમારા તરફથી પણ ખાસ વિનંતિ છે. એઓ મુંબઈમાં ઝવેરાતનો ધંધો કરે છે. પત્ર વ્યવહાર તેમના નામથી ઝવેરી બજારમાં ઠેકાણું કરીને કરવો અને મદદ પણ તેમના નામપરજ મોકલાવવી. એઓ તેનો વ્યય બહુ સારી રીતે કરે છે અને તેનો હીસાબ વ્યવસ્થિત રાખી દરવર્ષે છપાવી બહાર પાડવાનો રીવાજ રાખવામાં આવ્યો છે કે જે ચાલતા જમાનાને અનુકુળ છે.

જીવદયા ધર્મમાત્રનું મૂળ છે માટે આવાં કાર્યોમાં પોતાને મળેલા દ્રવ્યનો શ્રીમંત વર્ગે ઉદારચિત્તે સદુપયોગ કરવો એવી અમારી અંતિમ સૂચના છે.

# ગૃહસ્થનાં કર્ત્તવ્યો.

ઉપમિતિ ભવ પ્રપંચા કથાના કર્ત્તા શ્રી સિદ્ધર્ષિગણિએ સર્વજ્ઞ સદ્ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવા માટેના કર્ત્તવ્યો જે બતાવ્યા છે તેનું વીવરણ ગતવર્ષમાં કરવામાં આવેલું છે. ચાલતા વર્ષમાં એવી રીતે ધર્મની યોગ્યતા પ્રાપ્ત થયા પછી ઉત્તમ ગૃહસ્થે ( શ્રાવકે ) કેવી રીતે વર્તન રાખવું જોઇએ ? શું શું કરવુ જોઇએ ? કે જેથી તેમનામાં ગુણ વધીને સાધુધર્મની યોગ્યતા પ્રાપ્ત થાય. તે બતાવનાર પારિગ્રાફ તેજ ગ્રંથમાંથી લઈને આ વર્ષના પ્રારંભથી દરેક અંકની શરૂઆતમાં મુકવામાં આવે છે પરંતુ તે સંસ્કૃતમાં હોવાથી કેટલાક તે ભાષાના અનભિજ્ઞ બંધુઓ તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થ સમજી શકતા નથી અને કેટલાક સામાન્ય ભાષાજ્ઞાનથી કદી તેનો અર્થ સમજી શકે છે તોપણ તેનો ભાવાર્થ—તેમાં રહેલું રહસ્ય સમજી શકતા નથી. તે સમજાવવા માટે આ લેખમાં સદરહુ પારિશ્રાફમાં કહેલા દરેક સૂત્રોનું પૃથક્ પૃથક્ સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે.

ગૃહસ્થ ધર્મ કે મુનિધર્મ અંગિકાર કર્યા અગાઉ તે ધર્મની પોતામાં યોગ્યતા છે કે કે નહીં ? તે તપાસવાની જરૂર છે. અને જો યોગ્યતા જણાય તોજ તે અંગિકાર કરવા યોગ્ય છે. કારણકે યોગ્યતાવાન્ મનુષ્યજ અંગિકાર કર્યા પછી તેનો છેવટ સુધી નિર્વાહ કરી શકે છે. અત્યારે વર્તમાન સમયમાં કોઈ કોઈ જગ્યાએ—અમુક અમુક વ્યક્તિ પરત્વે શ્રાવક ધર્મ અંગિકાર કર્યા પછી કે સાધુધર્મ સ્વીકાર્યા પછી તેમાં સ્ખળના દૃષ્ટિએ પડે છે તે પ્રથમથી યોગ્યતા ન હોવાનુંજ પરિણામ છે. યોગ્યતા ન હોય તો તે પ્રાપ્ત કરવા માટે તેના હેતુઓ શાસ્રકારે અનેક સ્થળે બતાવેલા છે. સામાન્ય રીતે સર્વજ્ઞ ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવાના હેતુઓ સંબંધી ગતવર્ષમાં વિવેચન થઇ ગયું છે. હવે તેવી યોગ્યતા પ્રાપ્ત થયે પ્રાણી પ્રથમ શ્રાવક ધર્મ અંગિકાર કરે છે, કારણ કે તેટલી સ્થિતિપર તે પહોંચેલ હોય છે. હવે શ્રાવક ધર્મની પ્રતિપાલના કરતાં કરતાં સાધ્ય મુનિધર્મ પ્રાપ્ત કરવા તરફ હોવુંજ જોઇએ, તોજ શ્રાવક ધર્મ યથાસ્થિત પળી શકે છે. એવી સાધ્ય દૃષ્ટિવાળા જીવ મુનિ ધર્મને યોગ્ય કેમ થાય—સાધુ ધર્માનુષ્ઠાનના ભાજન કેમ થઇ શકે તે જણાવવા માટે પ્રસ્તુત પારિશ્રાફમાં કર્ત્તા મહાપુરૂષે તેના બળવાન હેતુઓ બતાવ્યા છે. તે દરેક હેતુનું યથામતિ વિવરણ કરવા વડે તેવી યોગ્યતા મેળવવાની આવશ્યકતા જણાવવામાં આવે છે અને તે સાધનોવડે સાધ્ય મેળવી પ્રાંતે પરમ-સાધ્ય મોક્ષ મેળવવાનું સ્મરણ કરાવવામાં આવે છે.

ઉક્ત ગ્રંથકારે સદરહુ પારિશ્રાફના પ્રારંભમાં કહ્યું છે કે—તેવા ઉત્તમ ગૃહસ્થે એટલે પ્રથમ કહ્યા પ્રમાણે સર્વજ્ઞ પ્રણિત સદ્ધર્મની જેણે યોગ્યતા મેળવી છે એવા શ્રાવકે સાધુધર્મને યોગ્ય થવા માટે પ્રથમ "परिहर्तव्योऽकल्याणमित्रयोगः" અકલ્યાણ મિત્ર જે પાપ કાર્ય તેને પરિહરવા—તેનો ત્યાગ કરવો. પાપકાર્યો અનેક પ્રકારના છે. તે પૈકી કેટલાંક કર્માદાન વ્યાપારાદિ પાપકાર્યો તો શ્રાવકે પરિહરેલાં-તજેલાં હોય જ છે, તેથી અહીં જે તજવાના કહ્યાં છે તે તેવા સ્થૂળ પાપકાર્યો ન સમજવા પરંતુ શ્રાવકપણામાં અનેક કારણોને લઇને જે કરવામાં આવે છે, પણ સાધુપણામાં જેનો સર્વથા ત્યાગ કરવામાં આવે છે—કરવોજ પડવાનો છે, તેવા પાપકાર્યો સમજવા. કેમકે જો તેવા પાપકાર્યોનો થોડે થોડે અંશે ત્યાગ કરવાની ટેવ પાડી હોય તો પછી સાધુ ધર્મ અંગિકાર કરતી વખતે તેનો સર્વથા ત્યાગ થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવાં પાપકાર્યો કયાં? એમ સવાલ થાય તો તે આ પ્રમાણે—સ્વજન કુટુંબાદિ માટે કરવા પડતા અનેક પ્રકારના આરંભના કાર્યો, ઇંદ્રિઓના વિષયની તૃપ્તિ કરવામાં આવતા આરંભો, સાંસારિક આનંદ મેળવવા માટે કરાતા અનેક પ્રક સંયોગો, પોતાની પ્રજાના તેમજ અન્ય સંબંધી સ્નેહીઓની પ્રજાના વેશ લગ્નાદિ કાર્યો, પરિગ્રહની મૂર્છાને લઇને કરવામાં આવતા કર્માદાનના અ ધવાળા પાપ વ્યાપારો, જ્ઞાતિ પ્રબંધાદિ નિમિત્તે આગળી કરાતા કલેશોત્પાદક કાર્યો, યશ મેળવવાને માટે આપવામાં આવતી પાપ કાર્યોમાં અનુમતિઓ, સાચું કહી દેવાના હ્રદય બળની ખામીને લીધે કે પડતી કપટ કળાઓ, સાચું કહી દેવાના ડોળમાત્રને લીધે ઉત્પન્ન કરાતા કલેશો, દૃષ્ટિ વાપર્યા શિવાય કરવામાં આવતી અનેક પ્રકારની અશુભ પ્રવૃત્તિઓ, એક ભૂલથી કબુલ કર્યા પછી તેનો નિર્વાહ કરવામાટે કરાતી હ્રદય વિરૂદ્ધ ક્રિયાઓ— આવા અનેક પાપકાર્યો છે કે જેમાં વિષય કષાયની હીલચાલને લઇને મોટા અ ઘણો કર્મબંધ થાયજ છે. તેને તજવાની ટેવ પાડવી જોઇએ. તોજ સાધુ ધ યોગ્યતા મેળવી શકાય; કેમકે સાધુપણામાં તો કેવળ શાંતિનું સામ્રાજ્ય અનુ વાનું છે. તેમાં આવી ધમાધમ કે ડોળાડોળ ચાલવાની નથી. વળી અક મિત્ર અથવા પાપ મિત્રનો સંગ પરિહરવો એટલે પાપના કરનારા—આરંભ ને મહારંભમાં તત્પર માણસોનો સંગ તજી દેવો. તેમજ મિથ્યાત્વીઓનો પ ન કરવો એમ પણ સમજવું. કારણ કે તેવાઓના લાંબા પરિચય કે સંગથી તેની છાયા પોતામાં આવે છે. આરંભાદિ કાર્યોથી થતા દ્રવ્યાદિકના લાભને તેવાં કાર્યો કરવાની ઇચ્છા ઉદ્ભવે છે. મિથ્યાત્વીના પરિચયથી વખતે તેના ના કષ્ટાદિથી મોહ પામી તેની પ્રશંસા કરવાનો વખત આવે છે અથવા તેની મહ ને સ્વધર્મની હીનતા દેખાય છે. આવા અનેક કારણોને લઇને સાધુ ધર્મની યો મેળવવા ઇચ્છનારે અકલ્યાણ મિત્રનો સંગ પરિહરવો.

ત્યાર પછી બીજું વાક્ય એ કહ્યું છે કે—" સેવિતવ્યાનિ કલ્યાણમિત્રા કલ્યાણ મિત્ર જે પુણ્ય મિત્ર અર્થાત્ પુણ્યબંધ થાય તેવાં કાર્યો સેવવાં. પુણ્યક સમકિત પામ્યા અગાઉ અલ્પપણે અને ત્યાર પછી વિશેષપણે કરવામાં અ પરંતુ શ્રાવકપણામાં પુણ્યકાર્ય એવાં કરવાં કે જેથી સાધુધર્મની યોગ્યતા પ્રા શકે. આ પુણ્ય કાર્યો ગૃહસ્થાવસ્થાને ઉચિત પણ ઉંચી પ્રતિના સમજવા. દાન તપ ભાવ ચારે પ્રકારનો ધર્મ આરાધવામાં તત્પરતા રાખવી, દરરોજ તેમાંથી પુણ્ય કાર્ય થાય છે તેનું લક્ષ રાખવું. અર્થાત્ દરરોજ અભયદાન, સુપાત્ર અનુકંપાદાન અવશ્ય આપવું. દિવસે કાયમ અને રાત્રિએ જેમ બને તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિયળ પાળવું, ઈંદ્રિઓના વિષયથી મનને પાછું વાળવું, ઇંદ્રિઓને તૃપ્ત કરવાની તજવીજ પડી મૂકવી, તે કોઇ કાળે તૃપ્ત થતી જ નથી એમ ચોકસ ધારી રાખવું, દરરોજ યથાશક્તિ તપ કરવો, પર્વ તિથિએ ઉપવાસાદિ વિશેષ તપ કરવો, નિરંતર શુભ ભાવની વૃદ્ધિ કરવી, અનિત્યાદિ બાર ને મૈત્રાદિ ચાર ભાવનાઓ વારંવાર ભાવવી, શ્રાવક ધર્મ પાળતાં જેમ બને તેમ નિરતિચારપણે વ્રતો પાળવા, તેમાંના ચાર શિક્ષાવ્રતોના આરાધનમાં વારંવાર તત્પર રહેવું, સામાયક, દેશાવગાસિક, પૌષધ અને પ્રતિક્રમણાદિ વિશેષે કરવા, દરરોજ બે ટંક આવશ્યક, અવકાશે સામાયક, પર્વતિથિએ દેશાવગાસિક અથવા પૌષધ અવશ્ય કરવો, અતિથિ સંવિભાગ પૂર્ણ રીતિએ વર્ષમાં જેમ બને તેમ વધારે વખત કરવાની ચીવટ રાખવી, સર્વ જીવોને, મનુષ્ય માત્રને, દેશી બંધુઓને અને સ્વધર્મીઓને દ્રવ્ય ભાવ સમાધિ વિશેષે પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવા. સ્વજાતિ સ્વધર્મ વિગેરેની ઉન્નતિના કાર્યોમાં તત્પર રહેવું, મુનિ મહારાજાની સેવા ભક્તિ નિરંતર કરવી, સાર સંભાળ રાખવી, ભણવા ગણવા વિગેરેની સગવડો કરી આપવી, તેમની પાસે ધર્મ કથા સાંભળવી, બાળલગ્ન, વૃદ્ધાદિની ઐાષધાદિ સંબંધી તજવીજ રાખવી, તેમના આવાગમન વિગેરે પ્રસંગે મહોત્સવો કરવા, દીક્ષા લેવાને તત્પર થયેલા યોગ્ય જીવને અવલંબન આપવું, તે પ્રસંગે અનેક જીવો તેની અનુમોદના કરે તેવા પ્રકારો યોજવા, ઉત્કૃષ્ટ મહોત્સવો કરવા, ચારિત્રધર્મ ઉપર અંતરંગ પ્રીતિ ધરાવવી, તીર્થોદ્ધારાદિ મહાન કૃત્યો યથાશક્તિ કરવા–કરાવવા. શાસનોન્નતિના કાર્યમાં શકિતનું પ્રમાણ વિચારી અગ્રણી થવું, શાસનની હિલના થાય તેવાં કાર્યો પૂર્ણ વીર્ય ફોરવીને અટકાવવાં. પાપસ્થાનકોથી ડરતાં રહેવું, આત્મા મલિન ન થાય તેની સંભાળ રાખવી ઇત્યાદિ અનેક પુણ્યકાર્યો છે કે જે કલ્યાણ મિત્ર તરીકે ઓળખાય છે, તે આચરવાં. અથવા પુણ્યશાળી જીવો કે જે ધર્મકાર્યમાં અહર્નિશ તત્પર હોય તેવાઓની સોબત કરવી, તેમનો પરિચય વધારવો, તેમની પ્રીતિ મેળવવી, તેમને યથાશક્તિ સહાયક થવું–એમ અનેક પ્રકારે કલ્યાણ મિત્રની સેવના કરવી કે જેથી સાધુ ધર્મની યોગ્યતા સહજ પ્રાપ્ત થઇ શકે.

ત્યાર પછી ત્રીજું વાકય એ કહ્યું છે કે—' न लंघनीयोचितस्थितिः ' ઉચિત સ્થિતિનું ઉલંઘન ન કરવું. શ્રાવકને યોગ્ય જે સ્થિતિ-જે પ્રવૃત્તિ હોય તેનું ઉલ્લંઘન એટલે અનુચિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. આ વાકયની વિચારણા કરતાં પ્રથમ શ્રાવકપણામાં ઉચિત શું છે ? ને અનુચિત શું છે ? તે બરાબર સમજવું. તે સમજાશે તો પછી ઉચિતમાં પ્રવૃત્તિ ને અનુચિતથી નિવૃત્તિ સહેજે થશે. લોકમાં પણ યોગ્ય માણસથી જો કોઇ અયોગ્ય કાર્યમાં પ્રવૃત્તિ થઇ ગઇ હોય તો કહેવાય છે કે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય કરવું તેને યોગ્ય-ઘટિત નહોતું. તો પછી આ લોકોત્તર માર્ગમાં તો ઉચિત જાળવવા માટે અનુચિતનો ત્યાગ કરવો જ જોઇએ. બુદ્ધિમાન સહજ સમજી શકે છે કે આ કાર્ય કરવું મને ઉચિત નથી. કદિ કોઇ અનિવાર્ય કારણને લઇને તે કાર્ય થઇ જાય છે કે કરવું પડે છે તો તે બાબત તેને બહુજ પશ્ચાત્તાપ થાય છે અને તેનું મન કાર્ય કરતાં કરતાં પણ પાછું હઠતું જ રહે છે. શ્રાવકે સત્ય બોલવું પ્રમાણિક વર્તન રાખવું, પરસ્ત્રી સામી કુદૃષ્ટિ ન કરવી, વ્યવહારમાં પ્રવીણ રહેવું લોક વિરૂદ્ધ કે રાજ્ય વિરૂધ્ધ વ્યાપારાદિ તજી દેવાં, કોઇ સાથે કલેશ ન કરવો કોઇની નિંદા ન કરવી, વિકથામાં કાળક્ષેપ ન કરવો, આય વ્યયનો તપાસ કર્યા કરવો, પાપોથી ડરતા રહેવું, નાદાનથી અળગા રહેવું, ઉત્તમ જનો સાથે સંબંધ વધારવો, દયાળુપણું વૃધ્ધિ પમાડવું, દાક્ષિણ્યતા ન છોડવી, પરોપકારમાં તત્પર રહેવું, પોતાની મતલબ માટે પારકા કાર્યનો કે લાભનો વિનાશ ન કરવો ઇત્યાદિ અનેક પ્રકાર ઉચિત પ્રવૃત્તિના છે તેનું ઉત્તમ શ્રાવકે કદિ પણ ઉલંઘન ન કરવું. જો આગળ વધવું છે, આગળ વધવા ઇચ્છા છે, ગુણો વધારે મેળવવા છે, સાધુપણું શ્રેષ્ટ જાણ્યું છે, તે મેળવવા ઇચ્છા છે તો તેની યોગ્યતા પ્રાપ્ત કરવા સારૂ ઉચિત સ્થિતિ જાળવવાનો અહર્નિશ પ્રયત્ન કરવો.

ત્યાર પછી ચોથું વાક્ય એ કહ્યું છે કે **'अपेक्षितव्यो लोकमार्गः'** લોક માર્ગની અપેક્ષા રાખવી. અર્થાત્ લૌકિક પ્રવૃત્તિની ઉપેક્ષા ન કરવી. જ્યાં સુધી પોતે ગૃહસ્થપણાની સ્થિતિમાં છે ત્યાં સુધી તેની પૂરે પૂરી જરૂર છે. મુનિપણું પ્રાપ્ત કર્યા પછી લોક માર્ગની અપેક્ષા રાખવાની બીલકુલ જરૂર નથી પણ ગૃહસ્થપણામાં તો વારંવાર તેની આવશ્યકતા જણાય છે. લોકોમાં જેજે પ્રવૃત્તિઓ ચાલતી હોય તેને અનુસરવું પરંતુ તેમાં પણ પોતાનો આત્મા દૂષિત ન થાય તેની પુરતી સંભાળ રાખવી. પોતાનું મન કોઇ પ્રકારના લોકમાર્ગને નાપસંદ કરતું હોય છતાં સમુદાય તેવા વિચારનો હોય તો તે વિચારથી વિરૂદ્ધ દેખાવ ન કરવો, કારણ કે લોકથી વિરૂદ્ધ પડવાથી પોતાના કાર્યનો વિનાશ થાય છે પરંતુ પોતે સાવધાન રહી અનુકુળ વખતે પોતાના વિચાર પ્રકટ કરવા જેથી સમુદાય પણ અનુકૂળ થાય અને કાર્ય વિનાશ ન થાય, લગ્ન વ્યવહાર, વ્યાપાર વ્યવસાય અને બીજી અનેક બાબતોમાં લોક માર્ગની અપેક્ષા રાખીને કામ લેવું, જેઓ દીર્ઘ દૃષ્ટિ પહોંચાડયા સિવાય એકદમ લોકમાર્ગથી વિરૂદ્ધ પગલાં ભરે છે તેઓ પોતાનો વિનાશ કરે છે, મુશ્કેલીમાં આવી પડે છે અને પોતાની ધારણા પણ ફળિભૂત થતી નથી. એકદમ લોકમાં અણસમજથી પણ અપયશ બોલાય તેવું પગલું બુદ્ધિવાનો ભરતા નથી તેઓ પોતાના વિચારમાં મજબુત રહે છે પરંતુ તેનો ઉપયોગ યથા યોગ્ય અવસરેજ કરે છે. એટલામાટે કહેવામાં આવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે કે સાધુ ધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકે લોક માર્ગની પણ અપેક્ષા રાખવી.

પછી પાંચમું વાક્ય એ કહ્યું છે કે—"माननीया गुरुसंहतिः" ગુરૂવર્ગની માન્યતા કરવી. અર્થાત્ માતા પિતા વડીલ બંધુ વિગેરે તેમજ વિદ્યાચાર્ય અને ધર્માચાર્ય વિગેરે ગુરૂવર્ગમાં ગણાય છે તેમને માન્ય પુરૂષ તરીકે ગણવા અર્થાત્ તેમના વચનો-આજ્ઞાઓને પ્રમાણ ગણવી, તેમને બહુમાન આપવું, તેમની યથોચિત ભકિત કરવી. સંસારીપણામાં જે પુરૂષ માતા પિતા વિગેરેની સેવા કરે છે તેજ મુનિપણામાં કે સાધ્વીપણામાં પોતાના ગુરૂની કે ગુરૂણીની યથાર્થ ભકિત કરનાર નીવડે છે. સંસારીપણામાં જેના હૃદયમાં વડીલોનું બહુમાન નથી, ને તેમની આજ્ઞાને અનુસરતા નથી, જે તેમની સારવાર સંભાળ કે ખાનપાન ઔષધોપચારાદિ વડે સેવા ભકિત કરતા નથી, પોતાનું કે પોતાના પુત્રકલત્રાદિનું પોષણ કરવામાંજ તત્પર રહે છે, ગુરૂજનને ઉવેખી મૂકે છે તેઓ મુનિપણું પ્રાપ્ત થયા પછી ગુરૂમહારાજ સાથે પણ પ્રાયે એવુંજ વર્તન ચલાવે છે. એટલા માટે આ વાકયમાં કહેવામાં આવ્યું છે કે ગુરૂવર્ગની માન્યતા ધરાવવી. આની પછીનું વાકય આ વાકયના અનુસંધાનમાંજ કહેવામાં આવ્યું છે કે—

" वर्तितव्यमेतत्तन्त्रैः " તેમની આજ્ઞાનુસારં વર્તવું. જેઓના હૃદયમાં માતા પિતા વિગેરે ગુરૂ વર્ગના સંબંધમાં બહુમાન હોય છે તેઓજ તેમની આજ્ઞાનુસાર વર્તી શકે છે. જેઓ તેમના પ્રત્યે બહુમાન ધરાવતા નથી તેઓ તેમની આજ્ઞા અનુસાર વર્તી પણ શકતા નથી. લોકોમાં પણ જેઓ વડીલોનું બહુમાન જાળવનારા હોય છે તેઓજ પ્રશંસાપાત્ર લેખાય છે. પણ જે પુત્રો વડીલોની આજ્ઞા માનતા નથી કે તેમની સેવા ભક્તિ કરતા નથી તેઓ કુપાત્રમાંજ લેખાય છે. કદી તેની પાસે દ્રવ્યાદિક હોય છે તો તેને મોઢે કોઇ કહેતું નથી પરંતુ પાછળ તેનો અપવાદ જરૂર બોલાયજ છે. એટલુંજ નહીં પણ પરિણામે સુખી પણ તેજ થાય છે કે જેણે માતા-પિતાદિ વડીલોને સુખ આપ્યું હોય. અહીં પ્રસંગોપાત આ હકીકત સ્ત્રી વર્ગમાટે પણ યથોચિત લાગુ સમજવી. કારણ કે તે પણ ચારિત્રનો અને યાવત્ મોક્ષનો અધિકાર ધરાવે છે. માટે તેને પણ સાધુ ધર્મની યોગ્યતા મેળવવા સારૂ બાલ્યાવસ્થામાં માતા પિતાની અને યૌવનાવસ્થામાં પતિગૃહે સાસુ સસરાની આજ્ઞામાં વર્તવાની અને તેમના પ્રત્યે બહુમાન ધરાવવાની જરૂર છે. જે સ્ત્રી સંસારીપણામાં સાસુ સાથે ક્લેશ કરનારી હોય છે તે સાધ્વીપણામાં ગુરૂણી સાથે પણ ક્લેશ કરતી પ્રાયે દેખાય છે. આનું કારણ એ છે કે તેને કોઈની પણ આજ્ઞાને આધીન વર્તવાની ટેવ જ પડી નથી. આ હકીકત સ્ત્રી વર્ગે તો બહુ વિશેષે ધ્યાન દેવા જેવી છે. કારણ કે તેનામાં ઇર્ષા, અહંકાઇ, અપવિત્રતા, અસત્યવાદીપણું, મુર્ખતા, અતિલોભીપણું, નિર્દયતા ઇત્યાદિ દોષો

For Private And Personal Use Only

સ્વભાવથી હોય છે. તે બધાને ટાળીને તેને મુનિપણું કે જે આ સર્વ પ્રકારના દોષથી રહિત છે તે મેળવવાનું છે. માટે ગુણ પ્રાપ્ત કરવામાં ને દોષનું નિવારણ કરવામાં પ્રબળ સાધનભુત વડિલો–ગુરૂવર્ગ વિગેરે પ્રત્યે બહુમાન ધરાવવું અને તેમની આજ્ઞાને આધીન વર્તવાની ટેવ પાડવી. મિથ્યા સ્વતંત્રતા કે જે પોતાના ગુણની હાની કરેછે અને દોષને ઉત્પન્ન કરે છે તે મેળવવાની ઇચ્છા કદી પણ કરવી નહીં. આ પાંચમા ને છઠ્ઠા વાક્યને અનુસરનાર પુરૂષ કે સ્ત્રી સાધુ ધર્મની યોગ્યતા મેળવી શકે છે.

અપૂર્ણ.

# चंदनपूजा संबंधी स्फुट विवेचन.

શ્રી જિનેશ્વરની અનેક પ્રકારે કરાતી પૂજાઓ પૈકી અષ્ટ પ્રકારી પૂજા બહોળે ભાગે કરવામાં આવે છે. તેની અંદર બીજી ચંદનપૂજા છે. ભગવંતને જળવડે સ્નાન કરાવીને જન્માભિષેકાદિ પ્રસંગે ઇંદ્રો અને દેવતાઓ બાવનાચંદનાદિ સુગંધી તેમજ શીતળ પદાર્થોનું આખે શરીરે વિલેપન કરે છે. આ હકિકત અનેક ચરિત્રોમાં તેમજ અન્ય સ્થળે દૃષ્ટિએ પડે છે. આ પૂજા કરવાનો હેતુ ભગવંતને શીતળદ્રવ્યનું વિલેપન કરીને આત્મ શિતળતા પ્રગટ કરવી તે છે. હાલ તો ચંદનપૂજાનું સ્થાન ઘણે ભાગે કેશર પૂજાએ લઇ લીધું છે. ચાલીશ રૂપીએ રતલ કેશર વાપરવામાં આવે છે કે જે સ્વભાવે શીતળતા કરનાર નથી પણ ઉષ્ણતા કરનાર છે, અને ખાસ શીતળતા કરનાર ઘનસાર ઉર્ફે બરાસ સાચો ને ઉંચી કિંમતનો એટલે સુમારે શીતેર રૂપીઆ રતલનો વાલ બે વાલ કરતાં બે રૂપીએ રતલનો કપુરનો ભાઇ જે નામથી બરાસ તરીકે ઓળખાય છે, તે પુષ્કળ વાપરવામાં આવે છે. એટલુંજ નહીં પણ ઉત્તમ ચંદન, ઊંચી કિંમતની સુખડ વાપરવાનું તો તદન ભુલીજ જવામાં આવે છે.હાલમાં કેશર ઘસવા માટે વપરાતી સુખડ સાધારણ કિંમતની હોય છે પરંતુ ખરી શીતળતા માટે તે કરતાં ઉંચી કિંમતની સુખડ કે જે સુગંધીમાં મુખ્યસ્થાન ભોગવે છે તે શામાટે વાપરવામાં આવતી નથી? કેશર સુગંધી દ્રવ્ય છે વળી તેનો વર્ણ પણ નેત્રને આનંદ આપે તેવો છે તો તે વાપરવું પણ તેના પર વધારે ખર્ચ કરવાને બદલે સારી સુખડ ખરીદવામાં ને ઉંચો બરાસ વાપરવામાં પૂજાની ખરી સાફલ્યતા જણાય છે માટે તેમાં વધારે ખર્ચ કરવો યોગ્ય જણાય છે. આપણે એ પૂજા કરતાં બોલીએ છીએ કે—

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ્ત વસ્તુ શીતળ કરે, ચંદન શીતળ આપ;
ચંદનસેં પ્રભુ પૂજતાં, મીટે મોહ સંતાપ.

અને એવાં અનેક વચનો ચંદન પૂજામાં બોલવામાં આવે છે, તેને સફળ કરવા માટે ઉપરની હકીકત પર લક્ષ આપવાની જરૂર છે. તે સાથે બીજી ચંદન પૂજાને વિલેપન પૂજા પણ કહેવામાં આવે છે તેથી પ્રથમ ઉત્તમ ચંદન તથા ઘનસારાદિ શિતળ દ્રવ્યનું ભગવંતને આખે શરીરે વિલેપન કરવું અને પછી કેશર કસ્તુરી અમર વિગેરે પદાર્થોના, યક્ષકર્દમના અથવા એકલા કેશરના નવ અંગે નવ તિલકો કરવાં કે જેથી શિતળતાનો ને શોભાનો બંને હેતુ સચવાશે. તે સાથે સુગંધ તો એ સર્વ દ્રવ્યોમાં છે તેથી તે ધારણાને તો વિશેષ પુષ્ટિ મળશે. આશા છે કે જૈન બંધુઓ આ હકીકત પર અવશ્ય ધ્યાન આપશે.

કામથી નહિ પણ જોઈએ તે કરતાં વધુ કામ કરવાથી, યા તદન આળસુ રહેવાથી જીંદગી ટુંકી થાય છે, અને આળસુ લોકોનાં કરતાં ઉદ્યોગી મનુષ્ય વધારે લાંબી જીંદગી ભોગવી શકે છે. જ્યાં સુધી માણસાઇ મશીન સારી રીતે તેલ પુરેલો અને નિયમીત રીતે ઉદ્યોગથી ચાવી આપેલો હોય છે, ત્યાં સુધી ઘણું ખરૂં તે કાંઇ પણ બિગાડ થયા વિના સડસડાટ પોતાનું કામ કર્યા કરે છે, અને ચાલાક શરીર અને મનવાળાં માણસોજ માત્ર લાંબી જીંદગી ભોગવે છે, એટલુંજ નહિ પણ તેઓ સુખી જીંદગી ગુજારી શાંતિમાં મરણ પામવાનો સંભવ છે. ઉદ્યોગ–ચાલુ કાર્યમાં પ્રવૃત્તિ મનુષ્યને ખુશમિજાજી, તંદુરસ્ત અને સુખી બનાવે છે. કામ–ઉદ્યોગ ચાલુ રાખવાથી કટાયેલી નહિ પણ ચળકતી તરવાર જેવા માણસો લાગે છે, માટે લાંબી જીંદગી તથા ચાલુ સુખ શાંતિ ભોગવવા ઇચ્છનાર હરેક બંધુએ માફકસરની શારિરિક અને માનસિક મહેનત અવશ્ય કરવી. ઉદ્યોગ તે ચાલુ ખોરાક છે; અને ખોરાક વિના જેમ ચાલતું નથી, તેમ ઉદ્યોગ વિના મનુષ્ય રહી શકતો નથી તે નિશ્ચિત વાત છે.

(પ્રસ્તાવિક.)

For Private And Personal Use Only